સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

સાતમું નોરતું
Happy Navratri

વર્ષ : ૪૭ અંક : ૨૬૧ જૂનાગઢ તા.૨૧-૧૦-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 261, Junagadh : Date : 21 October, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# કતારની મધ્યસ્થીથી હમાસે બે અમેરીકી બંધકોને મુકત કર્યા

ગાઝા તા.૨૧

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલુ યુદ્ધ દરમ્યાન આતંકી સંગઠન હમાસે ૨૦૦ જેટલા ઈઝરાયેલી અને વિદેશી નાગરીકોને બંધક બનાવ્યા છે તે પૈકી બે બંધકોને મુકત કર્યા છે. આ બન્ને બંધક અમેરીકી મા-દીકરી છે અમેરીકાનાં ઈલિનોઈસ રાજયનાં ઈવાન્સટનની રહીશ મા-દીકરી ઈઝરાયેલની પણ નાગરીકતા ધરાવે છે. હમાસનું સૈન્ય એકમ અલ-કાસમ બ્રિગેડનાં પ્રવકતા અબુ ઉબૈદાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે કતારની મધ્યસ્થતા બાદ માનવીય આધાર પર બંન્ને મહિલાઓને મુકત કરવામાં આવી છે. હમાસનાં પ્રવકતાએ એમ પણ જણાવ્યું હતુ કે બંધકોને મુકત કરી અમેરીકી લોકો અને વિશ્વને એ બતાવવા માંગે છે કે રાષ્ટ્રપતિ જો બાઈડન અને તેના ફાસીવાદી પ્રશાસન દ્વારા કરવામાં આવેલા દાવા ખોટા અને નિરાધાર છે. ઈઝરાયેલનાં વડાપ્રધાન કાર્યાલયે પણ બંધક મા-દીકરી જુડીથ તાઈરાનન અને નતાલી શોશનાં રાનનને હમાસ દ્વારા છોડવાની વાતની પુષ્ટિ કરી છે. અમેરીકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકને બે બંધકોને છોડાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર કતાર સરકારનો આભાર માન્યો છે. અમેરીકી વિદેશમંત્રીએ જણાવ્યું હતુ કે હજુ અનેક દેશોનાં ૨૦૦ જેટલા નાગરીકે અને ૧૦ અમેરીકો બંધકોમાં સામેલ છે.

# ગાઝામાંથી ત્રણ તબક્કામાં હમાસનો સફાયો કરવાની ઈઝરાયલની રણનીતિ

તેલ અવીવ તા. ૨૧

ઈઝરાયેલ પર હમાસ ત્રાસવાદી સંગઠનના હુમલાના ૧૫ દિવસ પછી પણ હજુ ઈઝરાયેલ દ્વારા ગાઝાપટ્ટી ક્ષેત્રમાં તેના ભૂમિદળને પ્રવેશ માટે મંજુરી નહી આપીને જે સસ્પેન્સનું વાતાવરણ સર્જયુ છે તેમાં ઈઝરાયેલનો લાંબાગાળાનો વ્યુહ હોવાનું જાહેર થયુ છે. ગઈકાલે ઈઝરાયેલ એ જાહેર કર્યુ કે તેઓ ગાઝા ક્ષેત્રમાં ત્રણ તબકકામાં હમાસનો સફાયો કરવા માંગે છે.

પ્રથમ તબકકામાં તે હવાઈ હુમલાથી ગાઝા ક્ષેત્રમાં હમાસના જે મથકો છે તેનો સફાયો કરવા માંગે છે જેમાં હમાસના ટોચના કમાન્ડર્સને પણ નિશાન બનાવી શકય તેટલા વધુ એરીયા કમાન્ડરને ખત્મ કરી ત્રાસવાદી સંગઠનને નેતૃત્વ વિહોણું કરી દેવાશે અને બીજા ચરણમાં અમારા ભૂમીદળો ગાઝામાં ઘુસીને પછી આતંકીઓનો પુરી રીતે સફાયો કરશે અને અંતિમ ચરણમાં ગાઝામાં નવી ઈઝરાયેલ વર્ચસ્વની શાસન પદ્ધતિ દાખલ કરવામાં આવશે તથા નવી સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવાશે

# યુધ્ધમાં ભૂમિકા ભજવવા ચીને મધ્ય એશિયામાં તેના પ્રતિનીધિને મોકલ્યા

બૈજીંગ તા. ૨૧

ચીને ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ માટે દબાણ કરવા માટે પશ્ચિમ એશિયામાં એક દૂત મોકલ્યો છે અને આ ક્ષેત્રમાં મોટી ભૂમિકા ભજવવાનો સંકેત પણ આપ્યો છે. ચીનના વિશેષ દૂત ઝાઈ જુને તેમની પ્રારંભિક બેઠકોમાં કતારમાં તેમના રશિયન સમકક્ષ સાથે મુલાકાત કરી હતી. ચીન અને રશિયાએ પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ પર પોતપોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે, જે અમેરિકાની સ્થિતિથી અલગ છે.

# મીશન ગગનયાનની પ્રથમ ટેસ્ટ ફલાઈટનું સફળ પરીક્ષણ

## અવકાશયાત્રીઓને ધરતી પર પરત લાવવાનું મોડયુલ બંગાળનાં અખાતમાં સફળતાપૂર્વક ઉતર્યુ



શ્રી હરિકોટા તા. ૨૧

ચંદ્રયાન-૩ની સફળતા બાદ આજે ભારતે તેના નવા મિશન 'ગગનયાન'માં પ્રથમ ટેસ્ટ ફલાઈટનું સફળ પરિક્ષણ કર્યુ હતું. સમાનવ અવકાશયાન મોકલવાના મહાત્વાકાંક્ષી આયોજનમાં અવકાશયાત્રીઓને સલામત પરત લાવવાના ભાગરૂપે 'ક્રુ' એસ્કેપ સીસ્ટમ ટીવી-ડી-૧ને શ્રી હરિકોટાના અવકાશ મથકેથી રવાના કરવામાં આવ્યું હતું. આ પરિક્ષણ આજે સવારે ૧૦ વાગ્યે બીજા પ્રયાસે સફળ રહ્યું હતું. પ્રથમ ઉડાન સવારે ૮ વાગ્યે નિશ્ચિત થઈ હતી અને ટીમ-ઈસરોએ કાઉન્ટ ડાઉન પણ શરુ કરી દીધુ હતું પણ પાંચ સેકન્ડ સુધીમાં રોકેટ-ઈગ્નીશન સક્રીય ન થતા પરિક્ષણ ટેકનીકલ કારણોસર મુલત્વી રહ્યું હતું અને ફકત બે કલાકમાં જ આ ક્ષતિ દૂર કરીને ફરી તેને રવાના કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટ વ્હીકલ એ અવકાશયાત્રીઓ માટે તેઓને અવકાશમાં લઈ જવામાં મહત્વનો અને પરત મુસાફરી કે કટોકટીના સંજોગોમાં તેના મારફત પરત આવી શકાશે.

# પંજાબ સરકાર રાજયપાલ વિરૂધ્ધ સુપ્રિમ કોર્ટમાં જશે

નવી દિલ્હી તા.૨૧ પંજાબ સરકાર રાજ્યપાલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જશે. વાસ્તવમાં, ૩૦ ઓક્ટોબરે પંજાબ સરકાર દ્વારા બોલાવવામાં આવેલા વિધાનસભા સત્રને ગેરકાયદેસર જાહેર કરવા અને બિલ પાસ નહી કરવા બદલ પંજાબ સરકાર સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કરશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને વિધાનસભા ગૃહમાં આ જાહેરાત કરી છે

# આપનાં સાંસદ સંજયસિંહની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી તા. ૨૧

આપ સાંસદ સંજય સિંહને દિલ્હી હાઈકોર્ટથી મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે સંજયસિંહની અરજી ફગાવી દીધી છે. સંજય સિંહે એક્સાઈઝ કેસમાં ઈડી દ્વારા તેમની ધરપકડને પડકારી હતી. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની કોર્ટે ગુરુવારે સંજય સિંહની અરજી પર સુનાવણી કર્યા બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

# ચીનનાં ઉંબાડિયા યથાવત : વાસ્તવિક અંકુશ રેખા પર સૈનિકોની તૈનાતી વધારી

વોશીંગ્ટન, તા.૨૧: સૈન્ય કમાન્ડરો વચ્ચે અનેક રાઉન્ડની વાટાઘાટો છતાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારત - ચીન વચ્ચેના સંબંધો સુધર્યા નથી. આ દરમિયાન અમેરિકાના સંરક્ષણ વિભાગ પેન્ટાગોને એક મોટો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું છે કે આજે પણ ચીને મોટા પાયે પોતાના સૈનિકોની તૈનાતી ઓછી કરી નથી. વધુમાં, તે આજે પણ ભૂગર્ભ સ્ટોર્સ, રસ્તાઓ, એરફિલ્ડ્સ અને હેલિપેડ બનાવી રહ્યા છે. પેન્ટાગોને એમ પણ કહ્યું છે કે ચીન પાસે હાલમાં ૫૦૦થી વધુ પરમાણુ હથિયારો છે.

# આવતીકાલે અરબી સમુદ્રમાં વાવાઝોડું સર્જાશે બંગાળની ખાડીમાં પણ નવી સીસ્ટમ સક્રિય

અમદાવાદ તા.૨૧

દેશભરમાંથી ચોમાસાની વિદાય વચ્ચે હવે અરબી સમુદ્ર તથા બંગાળની ખાડી એમ બે વાવાઝોડા સિસ્ટમ સક્રીય બની છે. જો કે, ગુજરાતમાં આચારની શકયતા નહીંવત છે. તા.૨૭ સુધી રાજયમાં વાતાવરણ સુકુ જ રહેશે અને તાપમાન ૩૬ ડીગ્રીના નોર્મલ સ્તર આસપાસ હોવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, નૈઋત્ય ચોમાસાએ સમગ્ર દેશમાંથી વિદાય લઈ લીધી છે. હવે અરબી સમુદ્ર તથા બંગાળની ખાડીમાં બે જુદી-જુદી સિસ્ટમ સર્જાઈ છે. ગઈકાલે દક્ષિણ-પુર્વ અરબી સમુદ્રમાં લો-પ્રેસર હતું તે પશ્ચિમ તરફ ગતિ કરીને વેલમાર્ક લો-પ્રેસર બન્યા બાદ હવે ડીપ-ડીપ્રેસનમાં પરિવર્તિત થઈ ગયું છે.

# અમદાવાદમાં ગરબા રમતા રમતા યુવાનનું હાર્ટએટેકથી મૃત્યું

અમદાવાદ તા. ૨૧ અમદાવાદનાં નારોલ ખાતે રહેતો ૨૮ વર્ષીય યુવાન રવિ પંચાલ પાર્ટી પ્લોટમાં ગરબા રમવા ગયો હતો. ગરબા રમતા રમતા અચાનક ઢળી પડતા હૃદય રોગનો હુમલો આવતા તેનું મૃત્યું થયું હતું. યુવક ઢળી પડતા ૧૦૮ને જાણ કરાઈ હતી પરંતુ એમ્બ્યુલન્સ પહોંચે પહેલા જ તેનું હૃદય બંધ થઈ ગયું હતું. યુવાનનાં અચાનક મૃત્યુથી ગરબા સ્થળે ગમગીની વ્યાપી ગઈ હતી.

# ગુજરાતમાં હાર્ટએટેકથી મૃત્યુનો સીલસીલો યથાવત : ધોરાજીનાં યુવાનનું અચાનક મૃત્યું

ધોરાજી તા. ૨૧

રાજયમાં યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ સતત વધી રહ્યું છે અને છેલ્લા ઘણા દિવસથી હાર્ટ એટેકથી મૃત્યુ થવાના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે હવે ધોરાજીમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયું છે.

ગુજરાતમાં હાર્ટ એટેકથી થતા મોતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. હજુ બે દિવસ પહેલા જ બાબરા, રાજુલા અને જામનગરમાં હાર્ટ એટેકથી ચાર લોકોના મોત થયા હતા. આ પહેલા રાજકોટમાં કુલ પાંચ વ્યક્તિઓના હાર્ટએટેકથી મોત નિપજ્યાં હતા ત્યારે હવે વધુ એક હાર્ટએટેકથી યુવકનું મોત થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર રાજકોટના ધોરાજીમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના ફતેપુર જિલ્લાના વતની આશુકુમાર દિનેશભાઈ સોનકારનું અચાનક હાર્ટ એટેક આવતા મોત થયું હતું. આશુકુમાર સોનકારની ઉમર ૨૮ વર્ષ હોવાનુ જાણવા મળ્યુ હતું. આ યુવક ભાદર ડેમના પાટીયાનું સમારકામ કરી રહ્યો હતો ત્યારે અચાનક જ કામ કરતા કરતા ઢળી પડ્યો હતો બાદમાં તેને ધોરાજીની સરકારી હોસ્પિટમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબ દ્વારા તેને મૃત જાહેર કરાયો હતો.

BOOKING OPEN
સારૂ લોકેશન એ પણ તમારા બજેટ માં
ઈસ્કોન પ્રાઈમ
2 BHK
Premium Living....
RERA APPROVED

Booking Contact :
Akshay R. Bhatt
94291 22045
Site
Apple Wood Township
Opp. CNG Pump Vanthali Road, Junagadh

મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

આપના જૂના ટી.વી. સામે મહત્તમ ડીસ્કાઉન્ટ મેળવો
SONY
TCL
SANSUI
wybor care
એકસચેન્જ ઓફર સામે મહત્તમ વળતર
DAIKIN
HITACHI Inspire the Next
મનસુખલાલ ગોકલદાસ એન્ડ સન્સ
પેરેગોન, જેનીલી શોપીંગ સેન્ટરની બાજુમાં, એમ.જી. રોડ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૫૩૭૪૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
- ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
- ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
- ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
- ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ



# આર્થિક સંકડામણથી ઘર છોડીને જતા રહેલા આધેડને પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર મથુરભાઈ રાણાભાઈ રીબડીયા જૂનાગઢના વતની હોય તેમના પુત્ર મનીષભાઈ (ઉ.વ. ૪૩), તેમના મિત્રને ત્યા જમવા જવાનું છે કહીને ઘરેથી નીકળી ગયેલ હોય જે પરત ઘરે ના આવતા તેમના પિતાજી મથુરભાઈએ આજુબાજુ તથા સગા સંબધીમાં તપાસ કરવા છતાં ક્યાંય મળી આવેલ નહી અને તેમનો પુત્ર ક્યાં નીકળી ગયેલ હશે ? અને કેવી પરીસ્થીતીમાં હશે ? તેવી ચિંતામાં તેમના પરીવારના સભ્યો વ્યથીત થઈ ગયેલ હોય, આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા તથા એ ડીવીઝન પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જૂનાગઢ ડીવીઝનના ડીવાયએસપી હિતેષ ધાંધલ્યના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પો.સ્ટે.ના પી.આઈ. એ.જી.જાદવ, હેડ. કોન્સ. કિરણભાઈ કરમટા, પો.કોન્સ. વિપુલભાઈ ડોડીયા તથા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. હાર્દીકભાઈ સિસોદિયા, વિજયભાઈ છૈયા, અંજનાબેન ચવાણ તથા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી અરજદારના પુત્ર મનીષભાઈ પોતાનુ વાહન રજી નં. **GJ 11 CJ 9971** લઈને ઘરેથી નીકળી ગયેલ હોય, વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા મનીષભાઈ મધુરમ વિસ્તારમાં જોવા મળેલ હોય, જેના આધારે આગળનો સમગ્ર રૂટ ચેક કરતા અરજદારના પુત્ર મનીષભાઈ અક્ષરમંદીર પાસે આવેલ બિલનાથ મહાદેવ મંદીરની અંદર જતા હોય તેવું **CCTV** માં જોવા મળેલ. જેની જાણ એ ડીવીઝન પોલીસ સ્ટાફને કરતા એ ડીવીઝન પોલીસ સ્ટાફ દ્વારા તાત્કાલીક બીલનાથ મંદીરમાં પહોંચી અને અરજદારના પુત્ર મનીષભાઈને સહી સલામત શોધી લાવતા તેમના પરીવારના સભ્યોએ શ્વાસ લીધો હતો. પોલીસ સ્ટાફ દ્વારા મનીષભાઈને પૂછ પરછ કરતા મનીષભાઈ એ જણાવેલ કે તેઓ આર્થીક ભીસમાં હોવાને લીધે આ પગલુ ભરેલ હતુ.

પોલીસ દ્વારા પણ મનીષભાઈને સમજાવેલ કે ખરાબ સમય પણ જતો રહેશે અને આવુ પગલુ ભરવાથી પોતાના બાળકો તથા ઘરના સભ્યો ખુબજ ચીંતમાં પડી જતા હોય છે, તેમજ પોલીસ દ્વારા નોકરી-ધંધો કરવા માટે સમજ આપેલ હતી.

નેત્રમ શાખા તથા એ ડીવીઝન પોલીસ સ્ટાફ દ્વારા બનાવની ગંભીરતા સમજી કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના પોતાના પરીવારના સભ્ય ગુમ થયેલ હોય તેમ સમજી મનીષભાઈને શોધી તેમના પરીવાર સાથે મીલન કરાવેલ, નેત્રમ શાખા તથા એ ડીવીઝન પોલીસ સ્ટાફ દ્વારા પોતાના પુત્રને સહી સલામત શોધી આપવા માટે કરેલ તાત્કાલિક સર્વેદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને મથુરભાઈ રાવતયા દ્વારા નેત્રમ શાખા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

નેત્રમ શાખા તથા એ ડિવિઝન પોલીસ સ્ટાફ દ્વારા ગુમ થયેલ વ્યક્તિને સહી સલામત શોધી પરીવાર સાથે મીલન કરાવી સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

# જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન કારીયાની નામદાર કોર્ટના હુકમ મુજબ મિલ્કત જપ્ત








(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન કારીયાની મિલ્કતોને જપ્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ જીલ્લાના પ્રોહી બુટલેગર ધીરેન અમ્રુતલાલ કારીયા રહે.જૂનાગઢવાળા વિરૂધ્ધમાં બાંટવા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૬૨૨૦૧૬૪/૨૦૨૨ પ્રોહી.ક. ૬૫એ-ઈ, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા આઈ.પી.સી. ક.૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબનો ગુન્હો ગઈ તા.૧૮-૯-૨૦૨૨ના રોજ દાખલ થયેલ હોય અને ગુન્હો દાખલ થયા બાદ આરોપી નાસતો ફરતો હોય જે આરોપીની તપાસ કરતા મળી આવતો ન હોય જેથી તપાસ અધિકારી જે.જે.પટેલ ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢ દ્વારા આરોપી વિરૂધ્ધ નામદાર માણાવદર કોર્ટમાં આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૮૨ની કાર્યવાહી કરવા રીપોર્ટ કરેલ હોય જે આધારે નામદાર કોર્ટ દ્વાર આરોપી વિરૂધ્ધમાં સી.આર.પી.સી. કલમ ૮૨ મુજબનું હાજર થવા સારૂ ફરારી જાહેરનામું ઈસ્યુ કરેલ હોય તેમ છતાં હાજર ન થતા નામદાર કોર્ટને સી.આર.પી.સી. ૮૩ મુજબની કાર્યવાહી થવા સારૂ રીપોર્ટ કરતા નામદાર માણાવદર કોર્ટ દ્વારા આરોપીની સ્થાવર મિલ્કત જપ્ત કરવા સારૂ કલેકટર જૂનાગઢને તથા જંગમ મિલ્કત જપ્ત કરવા માટે પોલીસ ઈન્સપેકટર ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢને ગઈ તા.૧૯-૧૦-૨૦૨૩ના રોજ હુકમ કરેલ હોય જે હુકમ આધારે પો.ઈ. જે.જે.પટેલ અને ટીમ દ્વારા આરોપીના વાહન(૧) રજી.નં. જીજે-૧૧-બીએચ-૬૬૪૬ (૨) જીજે-૧૧-બીજી-૪૯૮૦ કિ.રૂા.૭,૩૦,૦૦૦/- જપ્ત કરવામાં આવેલ છે. તેમજ કલેકટર જૂનાગઢ દ્વારા મામલદાર જૂનાગઢને હુકમ કરતા આરોપીનું રહેણાંક મકાન જૂનાગઢ રાયજીનગર નોબલ પ્લેટીનીયમ એપાર્ટમેન્ટ ખાતે આવેલ બ્લોક નં. બી-૩૦૩ નો તથા જૂનાગઢ ખામધ્રોળ રોડ ઉપર આવેલ રામનિકેતન ખાતે આવેલ પ્લોટ-૦૪ કિ.રૂા.૧,૭૫,૦૦,૦૦૦ મળી કુલ કિ.રૂા.૧,૮૨,૩૦,૦૦૦ની મિલ્કત જપ્ત કરવામાં આવેલ છે.

# સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના નવરાત્રી રાસોત્સવમાં સહભાગી થતા અનિરૂધ્ધસિંહ જાડેજા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ ખલીલપુર રોડ સ્થિત કૈલાશ ફાર્મ ખાતે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સંસ્થાપક જયદેવભાઈ જોષી, કાર્તિક ઠાકર અને પ્રમુખ મનિષ ત્રિવેદી અને સમગ્ર ટીમ દ્વારા પરશુરામ ધામ નવરાત્રી રાસોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ગત રાત્રે રીબડાના અનિરૂધ્ધસિંહ મહિપતસિંહ જાડેજા તેમજ ખેતી વિકાસ બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, મહાસાગર ટ્રાવેલ્સના એમડી કાળુભાઈ સુખવાણી તથા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત કાર્તિકભાઈ ઉપાધ્યાય સહિતના ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા.

# નવરાત્રીની ભાવભેર ઉજવણી : અંબા માતાજીના સાનિધ્યમાં રાસ-ગરબાની રમઝટ









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

નવરાત્રી મહોત્સવની ભકિતભાવ પુર્વક ઉજવણી સર્વત્ર કરવામાં આવી રહી છે. આ દરમ્યાન ગિરનારની ટોચ ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિરે અનુષ્ઠાન કરવા આવેલા ભાવિકો અને પૂજારીઓ દ્વારા પણ માતાજીના ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. આવતીકાલે હવનાષ્ટમી નિમિતે સવારે ૮ વાગ્યે હવન યજ્ઞ શરૂ થશે અને ૧૨.૩૦ કલાકે બીડુ હોમાશે ત્યારબાદ ભાવિકો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢ શહેરના રસ્તા ઉપર પશુઓનો અડીંગો : લોકોને પડતી મુશ્કેલી



(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૨૧ : જૂનાગઢ શહેરના વિવિધ રાજયમાર્ગો તેમજ મુખ્ય-મુખ્ય ચોકો અને સોસાયટી તેમજ શેરી વિસ્તારમાં પશુઓનો અડીંગો જોવા મળી રહ્યો છે. પ્રસ્તુત તસ્વીર શહેરના નાગર રોડ વિસ્તારમાં ચીપીયાવાળા બાવાજીની જગ્યાથી ઉપર તરફ જતા આ રસ્તાનો આ ફોટો છે અને જેમાં પશુઓનો અડીંગો સ્પષ્ટ જોવા મળે છે. હવે અહીંથી રાહદારીઓને પસાર થવા માટે ભારે મુશ્કેલી પડી રહી છે ત્યારે આ તહેવારોના દિવસોમાં મનપાની ઢોર પકડ ટુકડીએ આ બાબતે તાત્કાલી પગલા ભરવા જોઈએ તેવી લાગણી પ્રવર્તી રહી છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ..
નવરાત્રી માટે ખાસ..
ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

બાલકૃષ્ણ યાત્રા પ્રવાસ
ચાલો.. ચાલો...
ભાઈબીજ મથુરા સાથે
ઉંઝા, અંબાજી, આબુ, પુષ્કર, જયપુર, આગ્રા, હરીદ્વાર, નાથદ્વારા, શામળાજી સાથે અન્ય સ્થળો
ઉપડશે : તા. ૯-૧૧-૨૦૨૩
સ્લીપર બસ
દિવસ - ૧૭ થી ૧૮
: સંપર્ક :
મગનભાઈ મેંદપરા
જૂનાગઢ.
મો. ૯૬૩૮૩ ૮૧૨૫૭

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

ગાયત્રી
આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા અમૃત કળશ યાત્રા કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૧

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે મહાનગર પાલિકા દ્વારા તા.૬/૧૦/૨૦૨૩ થી તા.૧૨/૧૦/૨૦૨૩ સુધી વોર્ડ કક્ષાએ વિવિધ વિસ્તારોમાં અમૃત કળશ યાત્રા નિકળેલ હતી. દેશ માટે બલિદાન આપનાર વીરોને સમર્પિત મારી માટી, મારો દેશ અભિયાન હેઠળ જૂનાગઢ શહેરમાંથી એકત્ર કરાયેલ પવિત્ર માટીની બહાઉદ્દીન કોલેજ ખાતેથી શામળદાસ ગાંધી ટાઉનહોલ સુધી અમૃત કળશયાત્રાનો કાર્યક્રમ યોજાયો હતા. આ તકે મહાનગર-પાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, ઘોડેસવાર પોલીસ, પોલીસ જવાનો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને શહેરીજનો ડી.જે અને બેન્ડ સાથે બહોળી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે રાખવામાં આવેલ મુખ્ય કળશમાં શહેરના તમામ વોર્ડ માંથી એકત્રીત કરેલ માટી એકત્રીત કરવામાં આવી હતી.જે દેશ માટે બલિદાન આપનાર વીરોની યાદમાં દિલ્હી ખાતે નિર્માણ પામનાર અમૃતવાટિકામાં પધરાવવામાં આવશે.આ અમૃત કળશ યાત્રા (રેલી સ્વરૂપે) અને મુખ્ય અમૃત કળશમાં માટી એકત્રિત કરવાના કાર્યક્રમમાં મહાનુભાવો ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો પ્રારંભમાં ઉપસ્થિત મહેમાનો મહેમાનો દ્વારા અમૃત કળશનું કુમકુમ તિલક દ્વારા સ્વાગત કરાયું ત્યાર બાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું.

# જૂનાગઢના આંગણે તારીખ ૨૮ તથા ૨૯ ઓક્ટોબર 'સોરઠ સખી કલા ઉત્સવ' પ્રદર્શન કમ વેચાણ મેળો યોજાશે

## સ્વ-સહાય જૂથ મહિલા સભ્યોને માર્કેટિંગ સપોર્ટ આપવાના ઉદ્દેશ્યથીનાબાર્ડ દ્વારા આયોજન કરાયું

જૂનાગઢ, તા.૨૧

યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશને નિર્ધારિત કરેલ મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત દુનિયાના લગભગ તમામ અવિકસિત અને વિકાસશીલ દેશોએ ગરીબી નિવારણ માટે અલગ અલગ નીતિઓ અને કાર્યક્રમો અમલમાં મુકેલ છે. જે નીતિઓમાં સુક્ષ્મ ધિરાણ કાર્યક્રમ ગરીબી નિવારણ માટે સૌથી વધારે અસરકારક વ્યુહરચના પુરવાર થયેલ છે.

સ્વસહાય જૂથ મહિલાઓને સશક્તિકરણ કરવામાં અને તેમને આવકના સ્રોત પ્રદાન કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેઓ હસ્તકલા, કાપડ અને ખાદ્ય વસ્તુઓ સહિત ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન કરે છે, જેની સ્થાનિક બજારમાં નોંધપાત્ર માંગ છે. જો કે, આ જૂથો ઘણીવાર તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા અને સંભવિત ગ્રાહકો સુધી પહોંચવા માટે પ્લેટફોર્મ શોધવા માટે સંઘર્ષ કરે છે. ત્યારે નાબાર્ડનું માનવું છે કે, પ્રદર્શન કમ સેલનું આયોજન કરવાથી આ જૂથોને તેમની પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરવાની અને ખરીદદારોને આકર્ષવાની ઉત્તમ તક મળશે. તે તેમના કાર્યને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપવામાં પણ મદદ કરશે. સ્વ-સહાય જુથ મહિલા સભ્યોને માર્કેટિંગ સપોર્ટ આપવાના ઉદ્દેશ્યથી, નાબાર્ડ દ્વારા તા. ૨૮ થી ૨૯ ઓક્ટોબર- ૨૦૨૩ દરમ્યાન બે દિવસ માટે યમુના વાડી, ઝાંઝરડા રોડ ખાતે "સોરઠ સખી કલા ઉત્સવ" પ્રદર્શન કમ વેચાણ મેળો યોજવામાં આવશે. પ્રદર્શન સ્ટોલમાં હાજરી આપવા અને સ્વસહાય જુથને પ્રોત્સાહિત કરવા જૂનાગઢવાસીઓને ઉપસ્થિત રહેવા નાબાર્ડ દ્વારા જણાવાયુ છે. ભારતમાં સુક્ષ્મ ધિરાણની શરૂઆત ૧૯૭૦માં અમદાવાદ ખાતે કાર્યરત સેવા સંસ્થાથી થઈ. ૧૯૭૦માં સેવા– સેલ્ફ એમ્પ્યોડ વુમન એશોસિએશન દ્વારા અસંગઠિત ક્ષેત્રની ગરીબ મહિલાઓને બેન્કિંગ સુવિધાઓ આપવા માટે મહિલા સેવા સહકારી મંડળી શરૂ કરવામાં આવી.

નાબાર્ડ અને એમવાયઆરએડી સંસ્થાએ સુક્ષ્મ ધિરાણની સેવાઓ ઉપર સંશોધન કર્યુ, ગરીબ લોકોને સરળતાથી અને પુરતા પ્રમાણમાં બેન્કિંગ સુવિધાઓ મળી રહે તે માટે નવીન વ્યૂહરચના સાથે વધુમાં મહિલાઓ બેક્કિંગ સુવિધાઓનો વધારેમાં વધારે લાભ લઈ શકે તેવી યોજનાની જરૂરિયાતને ધ્યાને લઈને જરૂરી નીતિ ઘડતરનું કાર્ય નાબાર્ડને સોપવામાં આવ્યું જેના પરિણામ સ્વરૂપે ભારત સરકારે નાબાર્ડના સહયોગથી ૧૯૯૨માં એસએચજી બેંક લીન્કેજ પ્રોગ્રામ (એસબીએલપી) પાઈલોટ પ્રોજેક્ટ તરીકે શરુ કરવામાં આવ્યો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એસએચજી ના માધ્યમથી ગ્રામીણ મહિલાઓને સરળતાથી બેંક દ્વારા ધિરાણ મળી રહે તે હતો. આ પાઈલોટ પ્રોજેક્ટ સફળ રહેતા સુક્ષ્મ ધિરાણ, બેંક લીન્કેજ અને મહિલા સશકતીકરણ માટે એસએચજી બેંક લીકેજ પ્રોગ્રામ (એસબીએલપી) એક સફળ મોડલ તરીકે સ્વીકારવામાં આવ્યું અને તેનો અમલ દેશના મોટા ભાગના વિસ્તારોમાં ગ્રામીણ વિકાસ અને મહિલા વિકાસના કાર્યક્રમોમાં કરવામાં આવ્યો. મહિલાઓના જુથ બનાવી આ જુથને બેંક દ્વારા કોઈ આર્થિક પ્રવુતિ, પશુપાલન વિગેરે માટે લોન આપવામાં આવતી હતી. આ જૂથોને લોન પેટે સરકાર તરફથી સબસીડી આપવામાં આવતી હતી. સ્વસહાયજૂથએ ગરીબોને ધિરાણ આપવાની અનોપચારિક વ્યવસ્થા છે જે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી નિર્માણમાં આશાસ્પદ સાધન તરીકે ઉદભવી રહ્યું છે. નાબાર્ડ ઉપરાંત સ્વસહાય જૂથ પણ માઈક્રોફાઈનાન્સ કાર્યક્રમ અમલીકરણમાં વિવિધ તબક્કે અગત્યની ભૂમિકા ભજવે છે.

"સોરઠ સખી કલા ઉત્સવ" પ્રદર્શન કમ વેચાણ મેળાનાં પ્રદર્શન સ્ટોલમાં હાજરી આપવા અને સ્વાસહાય જુથ ને પ્રોત્સાહિત કરવા જૂનાગઢનાં સુજ્ઞ નગરજનો સૌને નાબાર્ડનાં ડી.ડી.એમ કીરણ રાઊતે હાર્દિક આમંત્રણ પાઠવ્યુ છે.

# યુવાઓને ગીર વન્યજીવ અભયારણ્ય તથા ગીર પરિચય ખંડ દેવળીયામાં ગાઈડ બનવાની તક

## રસ ધરાવતા ઉમેદવારો તા.૪ નવેમ્બર-૨૦૨૩ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ, તા.૨૧

ગીર વન્યજીવ અભયારણ્ય તથા ગીર પરિચય ખંડ એવા દેવડીયાની મુલાકાતે પધારતા પ્રવાસીઓ સાથે નેચરલિસ્ટ-માર્ગદર્શક એટલે કે ગાઈડ તરીકે કામ કરવા રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવી છે.

ઉમેદવારોએ અરજી કરવા માટે વિગતવાર માહિતી અને અરજી ફોર્મ ttps://girlion.gujarat.gov.in વેબસાઈટ પરના સમાચાર અને ડાઉનલોડ વિભાગમાંથી ફોર્મ ડાઉનલોડ કરી શકશે. રસ ધરાવતા ઉમેદવારો તા.૪ નવેમ્બર-૨૦૨૩ સુધીમાં જરૂરી દસ્તાવેજો સાથેની અરજી પરિક્ષેત્ર વન અધિકારીની કચેરી, સ્વાગતિ રેન્જ, સાસણ ગીર, પીન નંબર-૩૬૨૧૩૫, તા. મેંદરડા, જિ.જૂનાગઢ ઉપર ફોન મોકલી આપવાની રહેશે. અત્રે સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, આ ભરતી પ્રક્રિયા નથી ફક્ત નેચરલિસ્ટ-માર્ગદર્શક (ગાઈડ) તરીકેની પસંદગી પ્રક્રિયા છે. જેથી માર્ગદર્શક કે ગાઈડ તરીકેની કામગીરી માટે કોઈ પગાર કે વેતન ગુજરાત સરકાર કે વન વિભાગ દ્વારા ચૂકવવામાં આવશે નહીં. આ અંગે વધુ માહિતી માટે ફોન નં.૦૨૮૭૭- ૨૮૫૬૨૧ પર સંપર્ક કરવા સાસણ ગીર વન્ય પ્રાણી વિભાગના નાયબ વન સંરક્ષકની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લામાં ૫૬ તળાવ અને ૭૬ પાણીના સ્રોતોની સફાઈ : ૩૭૫૨ કિલો કચરાનો નિકાલ

જૂનાગઢ, તા.૨૧

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ જૂનાગઢ જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ખાસ કરીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સંકલન હેઠળ નદી તળાવો અને પાણીના સ્રોતોની સફાઈ હાથ ધરવામાં આવી હતી. જેમાં નદી તળાવના કાંઠેની આજુબાજુના વિસ્તાર તેમજ જિલ્લામાં આવેલ અમૃત સરોવરની સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે. જે શ્રમદાનમાં મહાપુરૂષોની પ્રતિમાઓની સાથે નદીઓ,૫૬ તળાવો અને વિવિધ પ્રકારના કુલ ૭૬ પાણીના સ્રોતોની સફાઈ કરી ૩૭૫૨ કિલો કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ સફાઈ ઝુંબેશમાં કુલ ૩૩૪ સફાઈ કામદારો જોડાયા હતા. કલેક્ટર ર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં સમગ્ર જિલ્લામાં સફાઈ અભિયાન હાથ ધરવા માટે સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. આમ, જિલ્લા વહીવટી તંત્ર દ્વારાસ્વચ્છતા હી સેવા અભિયાનને જન-જન સુધી પહોંચાડવામાં આવ્યું છે.

# જૂનાગઢ ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર થયા એનાયત



જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ શહેરમાં બિલખા રોડ સ્થિત ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના યુવતીઓ અને યુવાઓને આત્મનિર્ભર બની સ્વરોજગાર મેળવી શકે તે હેતુથી વિવિધ તાલીમો આપવામાં આવી રહી છે. જે અંતર્ગત તા. ૧૯ સપ્ટેમ્બર થી ૧૮ ઓક્ટોબર એક માસના સમયગાળા દરમિયાન દ્વિચક્રિય વાહનોનાં મરામતકાર્યની અને હાઉસ વાયરિંગના કોર્સની તાલીમ આપવામાં આવી. જે તાલીમ પૂર્ણ થતાં તાલીમ લીધેલ ભાઈઓને ગ્રામિણ સ્વરોજગાર તાલીમ ભવન ખાતે સર્ટિફિકેટ એનાયત કરવાનો કાર્યક્રમ એસબીઆઈ આરબીઓ-૪ના આસસિસ્ટંટ જનરલ મેનેજર (એજીએમ) મુકુલકુમાર સિઘ, આરસેટી ડાઈરેક્ટર પ્રશાંત ગોહેલ, ડીઆરડીએ ડીએલએમ શ્રીકિરણ વ્યાસ, આરસેટી એપીએમ અર્જુનભાઈ તથા આરસેટી સ્ટાફ અને ટ્રેઈનરની ઉપસ્થિતીમાં સંપન્ન થયો હતો. ઉપસ્થિતોનાં હસ્તે તાલીમાર્થી ભાઈઓને સર્ટિફિકેટ વિતરણ કરાયા હતા.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિની પરંપરાગત ગરબીમાં શ્રી રાંદલ માતાના લોટાના અલભ્ય રાસ યોજાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયામાં બેઠક રોડ ઉપર આવેલી નવી લોહાણા મહાજન વાડી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ રઘુવંશી જ્ઞાતિની બાળાઓ માટે રસોત્સવના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી હરસિધ્ધિ ગરબા મંડળના ઉપક્રમે રઘુવંશી જ્ઞાતિની પાંચ વર્ષથી બાર વર્ષ સુધીની બાળાઓ માટે યોજવામાં આવેલા આ પરંપરાગત રાસ ગરબામાં દરરોજ જલારામ બાપા, મહાપ્રભુજી, મહાદેવજી, ગણપતિજી, રાંદલ માતા વિગેરેના પ્રાચીન અને પરંપરાગત રાસ યોજવામાં આવે છે. અહીં ભારતની સંસ્કૃતિ તેમજ વારસો જાળવી રાખવા સાથે માતાજીની આરાધના કરવામાં આવે છે.

હાલ નવરાત્રીના નવદુર્ગાના આ તહેવારમાં માતાજીના અલગ અલગ સ્વરૂપ સાથે બાળાઓ આદ્યશક્તિની ઉપાસના કરે છે. આ પ્રસંગમાં ગઈકાલે ગુરૂવારે રાત્રે રાંદલ માતાના લોટાના રાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેને ઉપસ્થિત જ્ઞાતિજનોએ



બિરદાવી અને બાળાઓની આ સુંદર કલાથી સૌ કોઈ અભિભૂત થયા હતા. નવરાત્રીના આ આયોજનમાં બાળાઓને લ્હાણીનું પણ વિતરણ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમ માટે જ્ઞાતિના આગેવાનો, કાર્યકરો સહિત સૌ કોઈનો તન, મન અને ધનથી સહકાર પ્રાપ્ત થાય છે. આ નવરાત્રી પર્વના આયોજન માટે હરસિધ્ધિ ગરબા મંડળના બહેનોની જહેમત આવકારદાયક બની રહી છે.


# સ્વચ્છ મારૂ ગામ- સ્વચ્છ અમારૂ જૂનાગઢ ધામનાં નાદ સાથે રણછોડનગરનાં યુવાનો દ્વારા અનેરી સ્વચ્છતા ઝુંબેશ

## સમગ્ર જૂનાગઢ જીલ્લાનાં ગામે ગામ સ્વચ્છતા હી સેવાનાં સુત્રને સાર્થક કરવા લોકજાગૃતિ સાથે યોજાઈ રહ્યા છે સ્વચ્છતાલક્ષી કાર્યો

જૂનાગઢ, તા.૨૧

આપણાં લોકજીવન સાથે સ્વચ્છતાની વાત સ્વચ્છતા ત્યાં પ્રભુતા, પહેલુ સુખ તે જાતે નર્યા કહેવત નાં રૂપે સાંભળતા આવ્યા છીએ ત્યારે આપણું શરીર સ્વચ્છ હોય, આપણાં કપડાં સ્વચ્છ હોય, આપણું ઘર આંગણું સ્વચ્છ હોય, આપણો લત્તો સ્વચ્છ હોય, આપણા રસ્તા સ્વચ્છ હોય, આપણાં જાહેર સ્થળો સ્વચ્છ હોય તો બધા લોકોનો આનંદ વધી જાય છે. આટલી જાણકારી હોવા છતાં ઘણાં લોકોમાં એવી કુટેવો હોય છે કે જ્યાં ત્યાં ગંદકી કરવી, ગમે ત્યાં કચરો નાખી દેવો, ગમે ત્યાં થૂંકવુ, જાહેર સ્થળોએ પાનની પિચકારીઓ મારીને દીવાલો ગંદી કરવી, ખુલ્લામાં કુદરતી હાજતે જવુ, કચરાપેટી હોવા છતાં કચરો તેમાં નાખવાની તસ્દી ના લેવી, પરિણામે ગંદકી અને દુર્ગંધ ફેલાય છે. માખી, મચ્છરનો ઉપદ્રવ વધી જાય છે. તેથી રોગોના સહેલાઈથી ભોગ બની રહીએ છીએ.આના માટે કુટેવો સુધારવી જોઈએ, શરીર સ્વચ્છ રાખવુ, ઘરની સફાઈ, શાળાની સફાઈ, જાહેર સ્થળોની સફાઈની સૌએ કાળજી રાખવી જોઈએ. જૂનાગઢ શહેરની રણછોડનગર સોસાયટીનાં યુવાનો જ્યારે રાત્રીનાં પોતાનાં રોજગાર ધંધેથી ઘરે આવી વાળુ-પાણી પતાવી સોસાયટીનાં ચોકમાં મળે ત્યારે સ્વચ્છતાને સાર્થક કરવા અપના હાથ જગન્નાથની ભાવનાથી હાથમાં સાવરણો પકડીને સાર્વજનીક પ્લોટની સ્વચ્છતા જાળવવા પ્રયાસ કરે છે. રણછોડનગર સોસાયટીનાં અગ્રણી વિનુભાઈ બારસીયા જણાવે છે કે, મહાત્મા ગાંધીએ કહ્યુ હતુ કે, રાજનીતિક સ્વતંત્રતાથી વધુ જરૂરી સ્વચ્છતા છે. જો કોઈ વ્યક્તિ સ્વચ્છ નથી તો તે સ્વસ્થ નથી રહી શકતો. સારી સાફ સફાઈથી જ ભારતના ગામડાને આદર્શ બનાવી શકાય છે. શૌચાલયને આપણા ડ્રોઈંગ રૂમની જેમ સ્વચ્છ રાખવુ જરૂરી છે. નદીઓને સ્વચ્છ રાખીને આપણે આપણી સભ્યતાને જીવંત રાખી શકીએ છીએ.દરેક વ્યક્તિએ પોતાનો કચરો પોતે જ ઉઠાવવો જોઈએ. સ્વચ્છતાને આચરણમાં એ રીતે અપનાવી લેવી જોઈએ કે તે આદત બની જાય. અવારનવાર સફાઈ કાર્યક્રમો રાખવા જોઈએ. સ્વચ્છતા રાખવાથી આપણાં તન અને મન તાજગી અનુભવે છે. કામ કરવાનો આપણો ઉત્સાહ વધે છે. રોગચાળો ફેલાતો અટકે છે. સ્વચ્છતા એ માનવ જીવનની પ્રાથમિક જરૂરિયાત છે. સ્વચ્છ રહેવાથી આપણે મનુષ્ય આપણા જીવનમાં ઘણી બધી સમસ્યાઓથી મુક્તિ મેળવી શકીએ છીએ. અને સ્વચ્છતા સાથે આરોગ્ય અને સ્વાસ્થ્ય પણ જોડાયેલી છે.બસ આ વાતથી પ્રેરાઈને અમો અમારી સોસાયટીની સ્વચ્છતાનાં કાર્યને કરીએ છીએ.

જેમ કોઈ વસ્તુને જોવા માટે પ્રકાશની જરૂર હોય છે.તેવી જ રીતે શરીરને સ્વસ્થ અને મનને સ્વચ્છ રાખવા માટે પણ સ્વચ્છતા જરૂરી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે, ''સ્વચ્છતા એ જ સેવા છે''. આપણો દેશ હોય કે આપણું જીવન, સ્વચ્છતા ખૂબ જ જરૂરી છે. ગંદકી આપણી આસપાસના વાતાવરણની સાથે આપણા જીવનને પણ અસર કરે છે. આપણે આપણી જાતને સ્વચ્છ રાખવી જોઈએ અને આપણી આસપાસની જગ્યા પણ સ્વચ્છ રાખવી જોઈએ. સ્વચ્છતાથી જીવવાની ટેવ આપણા જીવનની ગુણવત્તામાં વધારો કરે છે. સ્વચ્છતા એ આપણા જીવનનો મહત્વનો ભાગ છે સ્વચ્છતાની કેટલીક આદતો જેમ કે દરરોજ સ્નાન કરવું, સ્વચ્છ કપડાં પહેરવા, દરરોજ દાંત સાફ કરવા, સમયાંતરે નખ કાપવા વગેરેનો દૈનિક કાર્યોમાં સમાવેશ કરવો જોઈએ. સ્વસ્થ વ્યક્તિ શાંતિથી જીવન જીવે છે. તેથી જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજીને આપણે પણ સ્વચ્છ રહેવાની આદત કેળવવી જોઈએ અને તે જ આદતો ઘરના બાળકોને પણ શીખવવી જોઈએ.નદીઓને સ્વચ્છ રાખીને આપણે આપણા પર્યાવરણને સુરક્ષિત રાખી શકીએ છીએ. આપણે આપણા પોતાના કચરાને સાફ કરવું જોઈએ. જો સ્વચ્છતા નહીં રાખીએ તો સાપ,





વીંછી, માખી, મચ્છર અને અન્ય હાનિકારક જીવજંતુઓ ઘરમાં પ્રવેશ કરે જેના કારણે ઘરની ચારે બાજુ અનેક પ્રકારના રોગો અને ઝેરી કીટાણુઓનો સામનો કરવો પડે છે. ઘણા લોકો એવું માનતા હોય છે કે સવચ્છતાનું કામ સરકારી એજન્સીઓ કરે છે, તેથી તેઓ પોતે કંઈ ન કરીને બધી જવાબદારી સરકાર પર છોડી દે છે, જેના કારણે ચારેબાજુ ગંદકી ફેલાય છે અને અનેક પ્રકારની બીમારીઓ અને રોગ પેદા થાય છે. જ્યાં સુધી દરેક વ્યક્તિએ સ્વચ્છતાનું મહત્વ સમજીને તેને અનુસરવુ એ જ સાચીસમજદારી અને સંસ્કાર છે. આજેય ઘણાં લોકો ખુલ્લામાં શૌચ કરવા જેવી ખરાબ આદતો ધરાવે છે. આના કારણે અનેક જીવલેણ રોગોનું કારણ બની રહ્યા છીએ. એવું માનવામાં આવે છે કે ગંદકી અને રોગ હંમેશા એકસાથે શરીરમાં પ્રવેશ કરે છે. આપણે આપણા જીવનમાંથી પ્લાસ્ટિકને ફેંકી દેવું પડશે. પ્લાસ્ટિક પર્યાવરણ, પ્રાણીઓ અને મનુષ્યો માટે જોખમી છે. પ્રકૃતિમાં સંતુલન માટે વૃક્ષો વાવવા જોઈએ ગંદકીને કારણે થતા રોગો આપણા માનવીના વિકાસમાં મોટી અડચણ છે. તેથી આપણે સ્વચ્છ રહેવું જોઈએ. આપણે આપણું શરીર, ઘર તેમજ આજુબાજુની સ્વચ્છતા રાખવા

સ્વચ્છતા માટેના સૂત્રોને આત્મસાત કરવા રણછોડનગર સોસાયટીનાં હરસુખભાઈ હીરપરા જણાવે છે કે મારું મન સ્વચ્છ રહે, મારો દેશ સુંદર હોય, રસ્તાઓ ઉપર સ્વચ્છતારૂપી પ્રેમ ફેલાય, કચરો ડસ્ટબીનની અંદર જ હોય, ગામડાઓ અને શહેરોની ઓળખ સ્વચ્છતાથી થશે. ગામડાઓ અને શહેરોમાં સ્વચ્છતા એ સ્વાસ્થ્યનો આધાર છે, આ જ એક સુંદર ગામ અને શહેર બનવાની સંભાવના છે. ચાલો સાથે મળીને સ્વચ્છતા અભિયાનના ગીતો ગાઈએ, સ્વચ્છતા અભિયાનને સફળ બનાવીએ અને સાથે મળીને ઉજવણી કરીએ. શહેરને સાથે મળીને સ્વચ્છ અને સુંદર બનાવીએ, સ્વચ્છતા અભિયાન દ્વારા જાગૃતિ લાવો, સ્વચ્છતામાં સહકાર સભર સહયોગ આપીએ, સ્વચ્છતામાં પરમેશ્વરનો વાસ હોવાનું આપણે જ્યારે સ્વીકારીએ છીએ ત્યારે સ્વચ્છતાને અપનાવીએ દેશને પ્રગતીનાં પથ પર આગળ લઈ જવા જાતે જાગૃત બનીએ અને બીજાને પણ જાગૃત કરી ચાલતા સ્વચ્છતા હી સેવાનાં કાર્ય અભિયાનને સફળ બનાવીએ.

- આલેખન- અશ્વિન પટેલ માહિતી બ્યુરો જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## ઓલિમ્પિકની યજમાની કરવી એ ગર્વની વાત છે

હાલમાં જ મુંબઈમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ એટલે કે આઈઓસીના ૧૪૧મા સત્રના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીએ ઈચ્છા વ્યક્ત કરી કે ભારત ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવા માંગે છે. નિઃસંદેહ, રમતોમાં દેશની વધતી ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય ખેલ આયોજનોના સફળતાપૂર્વક નિર્વાહે આપણી શાખ વધારી છે. પરંતુ ઓલિમ્પિક જેવા વિશાળ સ્તરના આયોજન ખુદ એક મોટો પડકાર છે. તેના માટે ભારે ખર્ચ માટે પણ તૈયાર રહેવું પડે છે. નિઃસંદેહ, ભારત દુનિયામાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા છે. જી-૨૦ જેવા સફળ આંતરરાષ્ટ્રીય આયોજનોથી ભારતની દુનિયામાં શાખ વધી છે. પરંતુ સવાલ એ પણ છે કે શું ભારત પાસે એ રમતોનું માળખું, તંત્ર અને જરૂરી સંગઠન છે, જે સુગમતાપૂર્વક રમતોના મહાકુંભનું આયોજન કરી શકે? આઈઓસી પ્રમુખનો ભારતના દાવા પ્રત્યે સકારાત્મક પ્રતિસાદ આવ્યો છે. તેમણે કહ્યું છે કે ભારતે આર્થિક ક્ષેત્રે ઉપલબ્ધિ હાંસલ કરી છે, બલ્કે રમતો ક્ષેત્રે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. પરંતુ ભારત માટે આટલા મોટા આયોજનને સફળતાપૂર્વક નિભાવી શકવું એટલું આસાન નહીં હોય. આ માર્ગમાં તમામ પ્રકારના પડકારો છે. ખાસ કરીને આ એક બેહદ ખર્ચાળ આયોજન છે અને સંરચનાત્મક માળખાના નિર્માણમાં મોટું રોકાણ માંગે છે. આપણે ન ભૂલીએ કે દેશમાં આર્થિક વિષમતા સતત વધી છે. સમતામૂલક સમાજના લ-ય પણ હાંસલ કરવા જોઈએ. જોકે આ રમતોના આયોજનના ઈતિહાસ પર નજર નાખીએ તો દુનિયાના કેટલાય નાના દેશોની અર્થવ્યવસ્થા પર આ મહા આયોજન બાદ નકારાત્મક અસર પણ પડી છે. ઓલિમ્પિક આયોજન સાથે જોડાયેલ કેટલીય શંકાઓને કારણે કેટલાય જાણકાર તેને નુક્સાનનો સોદો પણ કહે છે. જોકે ટીવી અને અન્ય પ્રસારણોના અધિકારથી આયોજક દેશોની આવકમાં આશાતીત વૃધ્ધિ પણ થઈ છે. નિઃસંદેહ ઓલિમ્પિક આયોજનની દાવેદારી માટે આપણે કેટલાય માપદંડો પર પાર ઉતરવું પડશે.

ધ્યાન રહે કે વિષમ પરિસ્થિતિઓમાં ઓલિમ્પિક જેવાં આયોજન બહુ ખર્ચાળ થઈ જાય છે. આપણે કોરોના સંકટના દોરમાં જોયું કે જાપાનમાં આયોજિત પાછલી ઓલિમ્પિક ગેમ્સમાં ખર્ચમાં બેફામ વધારો થયો હતો. પરંતુ તેમ છતાં રમતોના આ મહાકુંભના આયોજનની યજમાની કરવી ગર્વની પણ વાત છે. જોકે આ આયોજનને વિશુદ્‌ઘ આર્થિક દષ્ટિકોણથી ન જોઈ શકાય. આ દરમ્યાન સંરચનાત્મક વિકાસ અને રમતો સાથે જોડાયેલા સ્થાયી નિર્માણથી રોજગારના અવસર પણ વધે છે. ભારત જેવા સૌથી મોટી આબાદીવાળા દેશમાં મોટું ગ્રાહક બજાર છે. જેને લોભાવવા માટે કેટલીય બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારત આવી શકે છે. જેનાથી વેપાર અને રોજગારને નવા આયામ મળી શકે છે. જેનાથી રમતોમાં સ્વસ્થ હરીફાઈ પણ પેદા થશે. પછી રમતો માટે જે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ પૂરી પડાશે, તે આવનારી કેટલીય પેઢીઓમાં ખેલ પ્રતિભાનો વિકાસ કરવામાં સહાયક બનશે. આ માળખાગત વિકાસ દૂરગામી પ્રભાવ છોડી શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેનું કોઈ સારું પરીણામ નથી, એવું કામ મનુષ્યએ ન કરવું જોઈએ.
- ચાણક્ય સૂત્ર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૭ શ્રી સરસ્વતિ પૂજન, શ્રી મહાલક્ષ્મી પૂજન, દૂર્ગા પૂજન પ્રારંભ (બંગાળ) તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૫, પૂર્વાષાઢા નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૦
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), રાત્રે ૧:૩૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.
વૃષભ:વિરહની વેદના સહેવી પડે. ધંધામાં અવરોધ આવે.
મિથુન:સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.
કર્ક: આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
સિંહ: શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કન્યા: જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.
તુલા: ગૃહજીવનમાં વિસંવાદીતતા સર્જાય. હાથમાં આવેલી લાભની તક સરી જાય.
વૃશ્ચિક:અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય.
ધન: અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.
મકર: માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.
કુંભ: મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.
મીન: મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.

# કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ મહિલા મંડળ દ્વારા સ્પર્ધાત્મક રાસોત્સવનું આયોજન થયું



(ગોવીંદ હડીયા દ્વારા) કેશોદ તા.૨૧ : હાલમાં માં આધ્ય શકિતની આરાધનાનું પર્વ નવલા નોરતાની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહીછે ખેલૈયાઓ મન મૂકીને ઝુમી રહ્યાછે શહેરી વિસ્તારોમાં જ્ઞાતી આધારિત નવરાત્રીનો ક્રેઝ વદયોછે સાથે ખાનગી નવરાત્રીના આયોજનો પણ થઈ રહ્યાછે કેશોદ શહેરમાં વિવિધ ગરબી મંડળો તથા વિવિધ જ્ઞાતીની નવરાત્રીનું આયોજન થાયછે નવરાત્રીમાં ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા કેશોદમાં સમસ્ત બ્રહ્મ સમાજ મહીલા મંડળ દ્વારા સ્પર્ધાત્મક રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બ્રહ્મ સમાજ મહીલા મંડળ દ્વારા દિપ પ્રાગટય કરી માતાજીની આરતી કરવામાં આવી હતી અને સ્પર્ધાત્મક રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રેષ્ઠ પરફોર્મન્સ કરનાર ખેલૈયાઓને નિર્ણાયકો દ્વારા ક્રમાંક આપી પ્રોત્સાહિત ભેટ આપવામાં આવી હતી. કેશોદના સમસ્ત બ્રહ્મ સમાજ મહીલા મંડળ દ્વારા યોજાયેલ સ્પર્ધાત્મક રાસોત્સવમાં સમસ્ત બ્રહ્મ સમાજ મહીલા મંડળના પ્રમુખ ઉપ પ્રમુખ હોદેદારો સહીત ઉપસ્થિત રહી જ્ઞાતી ભાવના જાગૃત થાય અને ખેલૈયાઓને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ મહિલા મંડળ દ્વારા સ્પર્ધાત્મક રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બ્રહ્મ સમાજ મહીલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

## ખંભાળિયાના રામનાથ સોસાયટી વિસ્તારમાં મહિલા મંડળ સંચાલિત ગરબીનું અનેરૂ આકર્ષણ





(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૧

ખંભાળિયાના પોસ રહેણાંક વિસ્તાર એવા રામનાથ સોસાયટીમાં રામનાથ મહિલા મંડળ દ્વારા છેલ્લા આશરે નવ વર્ષથી ચામુંડા ગરબા મંડળના નેજા હેઠળ બાળાઓ માટે ગરબીનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે પણ અહીં બે વર્ષથી બાર વર્ષ સુધીની ૩૦૦ જેટલી બાળાઓની ગરબી યોજવામાં આવી છે. બહેનો સંચાલિત બાળાઓ માટેની આ પ્રાચીન ગરબીમાં જુદા જુદા ચાર ગ્રુપમાં બાળકોને માતાજીની આરાધના કરે છે.

અહીં દરરોજ બાળાઓને દૂધ તેમજ નાસ્તાની પ્રસાદી આપવામાં આવે છે. આ સમગ્ર આયોજન માટે મહિલા મંડળ તથા આ વિસ્તારના મહિલા કાર્યકર્તાઓ દ્વારા નિઃસ્વાર્થ ભાવે નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવે છે.

આ વિસ્તારના અગ્રણીઓ તેમજ સેવાભાવીઓ દ્વારા પણ ગરબી માટે સહયોગ મળી રહે છે. નવરાત્રી પર્વના અંતે બાળાઓને આકર્ષક લ્હાણીનું પણ વિતરણ કરવાનું આયોજન કરાઈ રહ્યું છે.

## જૂનાગઢ : ભરણ પોષણ ન ચુકવતા કેદની સજા

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢનાં અરજદાર નીતાબેન કનૈયાલાલ સખાણીએ જૂનાગઢની કોર્ટમાં સામાવાળા અમરેલીનાં મુરલીભાઈ રમેશભાઈ બદલાણી વિરૂધ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૨ મુજબ અરજી કરી હતી. જેમાં અરજી દાખલ કર્યાની તારીખથી અજૂનાગઢ કોર્ટનાં ચોથા એડી. ચીફ જયુડી. મેજી.એ અરજદારને ભરણ પોષણ માટે માસીક રૂા. ૩૦૦૦ તથા ભાડાનાં મકાન માટે રૂા. ૧૦૦૦ મુકવાનો હુકમ કરેલ છે.

સામાવાળા અરજદારનો ભરણ પોષણની રકમ ચુકવવામાં નિષ્ફળ તથા બેદરકારી રાખવી હોય તો તેઓને કલમ ૧૨૫ (૩) મુજબ કસુરવાર ઠરાવી સામાવાળાને એક માસની કસુર બદલ દિવસ-૧૦ લેખે ૪૫ માસના કુલ ૪૫૦ દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. અરજદાર તરફે વકીલ વી.એસ. ત્રિવેદી રોકાયેલ હતાં.

## આઈ.સી.ડી.એસ. દ્વારા આંગણવાડીના ભૂલકા સાથે નવરાત્રીની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તીર્થ તા.૨૧

આઈ.સી.ડી.એસ દ્વારા આંગણવાડીના ભૂલકા સાથે નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલાલા ૧૭ નંબરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ.સી.ડી.એસ.ના સીડીપીઓ દિવ્યાબેન રામ તથા કર્મચારીઓમાં ભાવનાબેન ભટ્ટ, કાજલબેન પંપાણીયા, ભેનીબેન સોલંકી, જયાબેન ભૂવા, લતાબેન બારડ, પુનીતભાઈ સોલંકી, રાજેશભાઈ સોલંકી, અતુલભાઈ અપારનાથી, પ્રદીપભાઈ માકડિયા તથા કાર્યકર બહેનોમાં ઈલાબેન ભટ્ટી, રીનાબેન વાળા, કંચનબેન વાળા, નિશાબેન છાત્રોડા સહિતના લોકો બાળકો સાથે ગરબા રમ્યા હતા. જેમાં ૨૯ બાળકો એ ભાગ લીધો હતો તેમને આઈસ ક્રીમ તથા નાસ્તા કરાવેલ અને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

(તસ્વીર : શૈલેષભાઈ વાળા)

## અમદાવાદમાં બાબા બાગેશ્વરની કથામાં ધુનડાના પુ. જેન્તીરામ બાપાની ઉપસ્થિતિ




(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૧

બાબા બાગેશ્વર ધામના આચાર્ય પુ. ધીરેન્દ્ર શાસ્ત્રીજી મહારાજની અમદાવાદ હાથીજણમાં દિવસની કથાનો પ્રારંભ થયો હતો. જેમાં હનુમાનજીનું અને પોથીનું પૂજન બાબા બાગેશ્વરએ કર્યું હતું ત્યારે ધુનડા સત પુરણધામ આશ્રમના સંત પુ. જેન્તીરામબાપા પણ ઉપસ્થિત રહ્યા હતા અને બાદમાં વ્યાસપીઠ ઉપરથી બાબા બાગેશ્વરએ પુ. જેન્તીરામબાપાને હૃદયના ઉમળકાથી આવકારી સાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને પુ. બાપાના બંને હાથ પકડી પોતાના માથા ઉપર આશીર્વાદ મેળવી તેમની સરળતાના દર્શન કરાવ્યા હતા.

## ખેરાલુના દાસત પાસે બાઈક અને મીની ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

ખેરાલુ, તા.૨૧

ખેરાલુના દાસત પાસે બાઈક અને મીની ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો. જેમાં પિતા-પુત્રના કમકમાટીભર્યા મોત થયા છે. એક જ પરિવારના ત્રણ લોકોના મોતથી અરેરાટી છવાઈ ગઈ છે.

બાઈક પર મંદિરથી પરત ફરતા હતા ત્યારે મીની ટ્રકે ટક્કર મારતા માતા –પિતા અને પુત્ર ત્રણેય કરૂણ મોત થયા છે. ત્રણેયની એક સાથે મોતથી પરિવારનો માળો વિખાય ગયો. ગામમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો છે.

# અલનીનોની અસરથી શિયાળો વધુ ગરમ રહેશે, ઘઉંના ભાવ ઊંચા રહેશે

### ટેકાના ભાવ વધારીને સરકાર ખેડૂતોને ખુશ કરવા માગે છે



નવી દિલ્હી,
ચંડીગઢ, તા.૨૧

દેશમાં પાંચ રાજયોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ઘઉં ઉત્પાદક રાજ્યો આવી જાય છે તેમાં કેન્દ્ર સરકારે બુધવારે વિવિધ 'રવી' પાકના ટેકાના ભાવ (મીનીમમ સપોર્ટ પ્રાઈસ એમ.એસ.પી.)માં ક્વિંટલદીઠ રૂ. ૧૫૦/-નો વધારો જાહેર કર્યો છે તેથી ૨૦૨૩-'૨૪ની માર્કેટિંગ સીઝન (એપ્રિલ-માર્ચ)માં ઘઉંના ટેકાના ભાવ જે ક્વિંટલદીઠ રૂ. ૨,૧૨૫ રહ્યા હતા. તે વધીને રૂ. ૨,૨૭૫ '૨૪-'૨૫માં પહોંચી જશે. સરકાર આ દ્વારા મતના મુખ્ય આધાર સમાન ખેડૂતોને ખુશ કરવા માંગે છે. સાથે, અન્ન ઉત્પાદન તરફ તેઓ વધુ વળે તેવી પણ આશા રાખે છે. એક તરફ ટેકાના ભાવ વધવા સાથે ઘઉંના ભાવ વધારોથવાનો જ છે. ઘઉંના ભાવ ઉંચા જવાના જ છે તેની પાછળ ચોખા સહિત અન્ય ખાદ્યાન્નના ભાવ પણ વધવાની શક્યતા છે તેમાં અલ-નીનોની અસર આગામી મે મહિના સુધી રહેવાની શક્યતા જોતાં શિયાળો આ વર્ષે સામાન્ય કરતા શિયાળો વધુ 'ગરમ' રહેવા સંભવ છે. બીજી તરફ સરકાર ઘઉં ઉપરની ૪૦ ટકા જેટલી આયાત ડયુટી ઘટાડવા તૈયાર લાગતી નથી. અત્યારે તો કોઈ એવી યોજના દેખાતી પણ નથી તેથી ઘઉંના ભાવ ઉંચા જવાના જ છે તેની પાછળ ચોખા સહિત અન્ય ખાદ્યાન્નના ભાવ પણ વધતા સંભવ છે. તેની આડઅસર શાકભાજી ઉપર પણ પડતા જનસામાન્યની થાળી મોઘી થઈ જસે તેવું પણ નિરીક્ષકો અનુમાન બાંધે છે. અમેરિકાના ક્લાઈમેટ પ્રિડીક્શન સેન્ટર (સીસીસી)એ જણાવ્યું છે કે અલ-નિનોની અસર તો વિશ્વભરમાં મે મહિના સુધી રહેવાની છે. (અલ-નિનો મધ્ય દક્ષિણ પેસિફીકમાંથી ઉદ્ભવતો ગરમ પ્રવાહ છે) તેમાંએ તે જો પ્રબળ બની મે (૨૪) સુધી ચાલુ રહે તો ૯૫% શક્યતા છે કે, '૨૩-'૨૪ દરમિયાન શિયાળા 'ગરમ' રહેશે. તે સર્વિવિદિત છે કે, ઘઉંને ઉગવા માટે પ્રાથમિક તબક્કે સતત ઠંડુ આશરે ૧૫થી ૧૬ ડીગ્રી સેલ્સિયસ જેટલું જ ઉષ્ણતામાન રહેવું જોઈએ તેથી વધુ ઉંચુ ઉષ્ણતામાન જતા ઘઉંના પાકનો ઉતાર ઘટી જાય છે. દાણા પણ નાના આવે છે. આ ઉપરથી એક્સપર્ટસ કહે છે કે, આ પરિસ્થિતિ આગામી શિયાળુ/ રવિ સીઝનમાં ચાલુ રહેશે તેથી સકાર સચિંત બની ગઈ છે.આ પરિસ્થિતિમાં વ્યાપાર/ ઉદ્યોગોના અગ્રણીઓ આયાત- નિકાસ ખુલ્લો કરવાનો સરકારને અનુરોધ કરે છે પરંતુ સરકાર ખેડૂતોને અનાજ ઉગાડવા માટે પ્રોત્સાહન મળે તેવું કારણ દર્શાવી આયાત ડયુટી ઘટાડવા તૈયાર નથી તેમ પણ આંતરિક સાધનો દ્વારા જાણવા મળ્યું છે. એક તરફ ભાવ વધી રહ્યા છે તો બીજી તરફ ઘઉંની સંઘરાખોરી રોકવા સરકારે જથ્થાબંધ સંગ્રહની મર્યાદા ૩,૦૦૦ ટનથી ઘટાડીને ૨,૦૦૦ ટન કરી છે તે મર્યાદામાં ઘઉં તથા ઘઉંનો લોટ બંને આવરી લેવાયા છે. આ પરિસ્થિતિમાં ઘઉંનો ભાવ કાબુમાં રાખવા મે મહિનામાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)એ ઓપન માર્કેટ સેલ- સ્કીમ (ઓ.એમ.એસ.) નીચે આગામી જુલાઈથી બજારમાં પોતાની પાસેનો ઘઉંનો જથ્થો ક્વાર્ટરલી બેઝ (ત્રિમાસિક સ્તરે) બજારમાં મુકવા નિર્ણય લીધો છે તે દ્વારા તે ઘઉંના ભાવ સ્થિર રાખવા પ્રયત્ન કરશે. પરંતુ સામાન્ય માનવી પણ સમજી શકે તેવી વાત તે છે કે તે તો થશે ત્યારે થશે પરંતુ ત્યાં સુધી ઘઉં અને ઘઉંની પાછળ વધનારા અનાજ- કઠોળના ભાવ તેમજ તેની આડઅસરથી વધનારા શાકભાજીના પણ ભાવમાં સામાન્ય માનવી તો પીસાઈ જશે.

## દેવી મહિમા

# ભસ્મની મહિમા

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ



યજ્ઞ કરતા શેષ વધેલી ભસ્મનો અનેક ઘણો મહિમા શાસ્ત્રોમાં ગવાયો છે. ભસ્મ ધારણ કરીને ઘરેથી નીકળેલા મનુષ્યોની સર્વ મનોકામના પૂર્ણ થાય છે. બ્રાહ્મણો સંધ્યાવંદનમાં ભસ્મનો ઉપયોગ કરે છે. દરેક ધાર્મિકક્રિયામાં સર્વપ્રથમ ભસ્મ ધારણ કરવાની હોય છે. આ ઉપરથી જ ભસ્મનું મહત્વ સમજાય છે. ભસ્મ ધારણ કરતી વખતે તેનો શાસ્ત્રોક્ત મંત્ર જપવો અનિવાર્ય ગણાવ્યો છે. કપાળ, બન્ને હાથ, હૃદય, બન્ને ગોઠણ પર ભસ્મનું ત્રિપુંડ કરવાનું રહે છે. આ ત્રિપુંડની ત્રણ રેખાને બ્રહ્માજી, વિષ્ણુ તથા મહેશના સાક્ષાત પ્રતિક સમા ગણવામાં આવ્યા છે.

આ અંગેની એક કથા દેવી ભાગવત મહાપૂરાણમાં આવે છે કે, એકવાર મહાન મુનિ દુર્વાસાજી ફરતા ફરતા સ્વર્ગલોકમાં પહોંચ્યા. ત્યાંથી પાછા ફરી નરકલોકમાં ગયા. દુર્વાસામુનિના મસ્તક પરના વિશાળ ભાલપ્રદેશ (કપાળે) પર દિવ્ય ત્રિપુંડ શોભતું હતું. તેમના શરીર પર પણ દિવ્ય એવી ભસ્મ ધારણ કરેલી હતી. દેવીની પ્રસાદીરૂપ આ ભસ્મના કારણે તેમના તેજમાં પણ વધારો થયેલો જોવા મળતો હતો. તેઓ યમરાજાને મળ્યા અને તેમના ખબર-અંતર પૂછ્યા. ત્યાર પછી આખીય યમપુરી ફરી વળ્યા. છેલ્લે તેઓ કુંભીપાક નરકમાં પહોંચ્યા. ત્યાં ભયાકન યાતનાઓને ભોગવી રહેલા જીવો દુર્વાસામુનિને શરીરે લગાડેલી ભસ્મ તેમના પર ઉડવાથી તે સૌ પોતાના કષ્ટમાંથી મુક્ત થવા લાગ્યા. તેમને સ્વર્ગના સુખની પ્રાપ્તિ થવા લાગી. આ બધું જોઈ અને ત્યાં હાજર રહેલા યમદુતો પણ વિમાસણમાં પડી ગયા.

દુર્વાસામુનિ તો ત્યાંથી ચાલ્યા ગયા. પછી આ ઘટના વિશે યમદુતોએ યમરાજાને પૂછ્યું ત્યારે યમરાજાએ જવાબ આપ્યો, ‘‘આ બધો જ શક્તિનો પ્રતાપ છે. ભસ્મમાં દેવી શક્તિ રહેલી છે. તે ભસ્મ દુર્વાસામુનિએ ધારણ કરેલી. તેમાંથી ઉડેલી ભસ્મની કણોથી જીવાત્માઓ નરકના કષ્ટોમાંથી મૂક્ત થઈ અને સ્વર્ગના સુખને પામ્યા છે.’’

આ પ્રસંગ ઉપરથી એવો બોધ મળે છે કે, દેવીની યજ્ઞની પ્રસાદીરૂપ ભસ્મના કણ માત્રથી પણ સ્વર્ગના આનંદની પ્રાપ્તિ થાય છે. માટે શિવ-શક્તિના પ્રસાદી રૂપ ભસ્મ મનુષ્યએ અવશ્ય ધારણ કરવી જોઈએ.

આરોગ્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ માટેનો મંત્ર...
‘‘દેહિ સૌભાગ્યમારોગ્યં દેહી મે પરમંસુખમ,
રૂપં દેહિ જયં દેહિ યશો દેહિ દ્વિષો જહિ.’’
-આ મંત્રથી આરોગ્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

# 'વિદેશમાં 'શિક્ષણની દુકાનો' ભારતીય વિદ્યાર્થીઓ પાસેથી ઉચ્ચ ફી વસૂલ કરે છે'

## હિન્દુ પ્રેસમાં વિદેશમાં અભ્યાસ કરવાના વલણ સામે ચેતવણી આપવામાં આવી



નવી દિલ્હી, તા.૨૧

સ્વદેશી જાગરણ મંચ (SJM)એ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા ભારતીય વિદ્યાર્થીઓની વધુ સંખ્યા ઉપર ચિંતા વ્યક્ત કરી છે. એક બ્લોગ પોસ્ટમાં, SJMના સહ-સંયોજક અશ્વની મહાજને લખ્યું છે કે છેલ્લા ૩૦ વર્ષમાં આ સંખ્યામાં દસ ગણો વધારો થયો છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૧૬ અને ૨૦૨૧ વચ્ચે, ૨૬.૪૪ લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા ગયા હતા. એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (એસોચેમ)નો અંદાજ છે કે વર્ષ ૨૦૨૦માં ૪.૫ લાખ ભારતીય વિદ્યાર્થીઓ શિક્ષણ માટે વિદેશ ગયા અને તેઓએ ૧૩.૫ બિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો. વર્ષ ૨૦૨૨માં, આ ખર્ચ $24 બિલિયન હતો એટલે કે; આશરે રૂા.૨ લાખ કરોડ અને રેડસીયર સ્ટ્રેટેજી કન્સલ્ટન્ટ્સના અહેવાલ મુજબ, આ ખર્ચ ૨૦૨૪ સુધીમાં $80 બિલિયન અથવા રૂા.૭ લાખ કરોડ સુધી પહોંચી શકે છે, જ્યારે અંદાજિત ૨૦ લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરશે. યુવાન વિદ્યાર્થીઓ ત્યાં નોકરી મેળવવાની અપેક્ષાએ વિદેશ જતા રહે છે પરંતુ તેઓ સમજી શકતા નથી કે આજે કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન દેશોની શૈક્ષણિક સંસ્થાઓ તેમના પોતાના અસ્તિત્વ માટે સરળતાથી પ્રવેશ આપી રહી છે. એટલું જ નહીં, ભારત અને અન્ય દેશોના રસ ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી મોટી ફી ઉઘરાવવા માટે ઘણી એજ્યુકેશનની 'દુકાનો' ખોલવામાં આવી રહી છે, જેને વાસ્તવિક શિક્ષણ સાથે કોઈ લેવાદેવા નથી. મહાજને કહ્યું કે તે દેશમાટે ખતરનાક પરિસ્થિતિ હશે જ્યારે, ૨૦૨૪ સુધીમાં, વિદેશમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦ લાખ સુધી પહોંચી જશે અને તેમના દ્વારા ખર્ચવામાં આવેલી રકમ $80 બિલિયનને આંબી જશે. આવી સ્થિતિમાં, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ યુવાનોને વાસ્તવિકતાથી વાકેફ કરવા માટે વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે જેથી કરીને તેઓ વિદેશ જઈને તેમના માતાપિતાની મહેનતની કમાણીનો વ્યય ન કરે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) વિદ્યાર્થીઓની પાંખ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)એ કહ્યું કે ભારતમાં, શૈક્ષણિક કેમ્પસમાં પેલેસ્ટીની જૂથ હમાસ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી પ્રવૃત્તિઓ સ્વીકાર્ય નથી. એક નોંધમાં, ABVPએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ ઉપર ગયા અઠવાડિયે થયેલા હુમલા અંગે કેટલાક રાજકીય પક્ષો અને જૂથો દ્વારા મૌન "બૌદ્ધિક નાદારી"નું સૂચક છે. દેશની વિવિધ સંસ્થાઓએ ભારત સરકારની વર્તમાન વિદેશ નીતિ અનુસાર તેમના વિચારો વ્યક્ત કરવા જોઈએ. ધાર્મિક કટ્ટરતા અને પૂર્વગ્રહોને કારણે હિંસાની આ આત્યંતિક પરિસ્થિતિ ઉપર આંખ આડા કાન કરી રહેલા સંગઠનોથી સાવધ રહેવાની જરૂર છે. ભારતના કેટલાક શૈક્ષણિક કેમ્પસમાં, હમાસ દ્વારા ઈઝરાયેલ ઉપરના હુમલાની અલગ નોંધ લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને આ હમાસની દુષ્ટ વિચારધારાને સમર્થન આપવા જેવું છે. ન્યૂઝક્લિક વિવાદ ઉપર ટિપ્પણી કરતા, આરએસએસના મુખપત્રે જણાવ્યું હતું કે સ્વ-પ્રમાણિત મીડિયા ઉદારવાદીઓએ સ્વતંત્ર ભાષણના નામે દેશદ્રોહનો બચાવ કરવો જોઈએ નહીં કારણ કે 'સામ્યવાદ અને મુક્ત લોકશાહી સાથે કામ કરી શકતા નથી.' પોતાને એક 'સ્વતંત્ર' મીડિયા સંસ્થા જાહેર કરવાની એક ફેશન બની ગઈ છે, ભલે તે સામ્યવાદી ઝુકાવ ધરાવતા પ્રકાશનો અને પત્રકારો ચલાવે છે. તેણે છેલ્લા કેટલાક વર્ષોમાં ન્યૂઝક્લિકની સફળતા ઉપર પણ સવાલ ઉઠાવ્યા હતા. અન્ય લેખમાં, આરએસએસના હિન્દી મુખપત્ર પંચજન્યએ ન્યૂઝક્લિકના રિપોર્ટિંગના હેતુઓ ઉપર પ્રશ્ન ઉઠાવ્યો અને કહ્યું કે વેબસાઈટે મેક ઈન ઈન્ડિયા પહેલની મજાક ઉડાવી અને ભારતીય કોવિડ રસીઓ, પીએમ કેર્સ ફંડ અને ભારતીય સશસ્ત્ર દળોના સંપાદન વિશે "ખોટો પ્રચાર" કર્યો હતો. તેણે અશ્લીલતાની હદ વટાવી અને રામ મંદિરને લઈને ખોટો પ્રચાર કર્યો. તેણે નાગરિકતા (સુધારા) અધિનિયમ વિશે ખોટો પ્રચાર કર્યો. તે સેન્ટ્રલ વિસ્ટા ઉપર ખોટો પ્રચાર ફેલાવે છે. ભારતના કેટલાક અંગ્રેજી અખબારોની જેમ, ધ વોશિંગ્ટન પોસ્ટ જેવા ડઝનબંધ આદરણીય આંતરરાષ્ટ્રીય પ્રકાશનો ચાઈનીઝ પ્રચાર પ્રકાશિત કરે છે જેના માટે તેમને ચૂકવણી કરવામાં આવે છે. વિશ્વ હિન્દુ પરિષદે તેના સામયિક, હિન્દુ વિશ્વના સંપાદકીયમાં લખ્યું છે કે શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરના મૃત્યુને લઈને ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી વિવાદના પ્રકાશમાં કેનેડા પાકિસ્તાન પછી આતંકવાદના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો શીખોની ખાલિસ્તાની આતંકવાદી પ્રવૃત્તિઓને સમર્થન આપે છે. નિજ્જરને ભારતમાં ભાગેડુ અને આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો અને તેના માથા ઉપર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ હતું. તેની હત્યાના ત્રણ મહિનાપછી પણ કેનેડાની સરકાર એક પણ ધરપકડ કરી શકી નથી, પરંતુ તે હત્યા માટે ભારતને દોષી ઠેરવી રહી છે. આજે કેનેડા ખાલિસ્તાનીઓ માટે સલામત સ્થળ બની ગયું છે. જ્યારે પંજાબના તત્કાલિન મુખ્યમંત્રી બિઅંતસિંહે તેમની સામે કડક કાર્યવાહી કરી ત્યારે તેઓ બધા કેનેડા ભાગી ગયા અને ત્યાં આરબ દેશોના પૈસા ઉપર રહેવા લાગ્યા. હવે તેમની આતંકવાદી ગતિવિધિઓને કેનેડાનું રક્ષણ મળી ગયું છે. આ ભારત માટે ખતરનાક છે. ભાજપના પૂર્વ નેતા બલબીરપુંજે ઈઝરાયેલ ઉપર હમાસના હુમલાની સરખામણી મુંબઈમાં ૨૬/૧૧ના આતંકી હુમલા સાથે કરી હતી. આ એક પ્રકારનું ભયંકર કૃત્ય છે જે હમાસના જેહાદીઓએ ઈઝરાયેલમાં કર્યું છે. તેમણે ઉમેર્યું કે, આ એ જ લોકો છે જેઓ જેહાદ અને લવ જેહાદના પ્રચારનો ભોગ બનેલા અને કાશ્મીરી પંડિતોની દુર્દશા કહે છે, પરંતુ ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ જેહાદીઓ દ્વારા ટ્રેનની બોગીમાં ૫૯ કારસેવકોને જીવતા સળગાવવાની ઘટનાને અકસ્માત કહે છે. હકીકતમાં, આ દેશમાં ધર્મનિરપેક્ષતા અને માનવ અધિકારની આડમાં ઈસ્લામિક કટ્ટરવાદને પોષવામાં આવે છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ ભારત માટે સંકેત છે. હમાસ દ્વારા ઈઝરાયેલ ઉપર જે પ્રકારનો ભયાનક હુમલો કરવામાં આવ્યો છે તેની સંભાવના ભારતમાં પણ પ્રબળ છે. ભારતે પાછલા વર્ષોમાં આવા અનેક હુમલાઓનો સામનો કર્યો છે. ૧૯૪૭માં કાશ્મીર ઉપર પાકિસ્તાનનું આક્રમણ, ૨૦૦૧માં ભારતીય સંસદ ઉપર આતંકવાદી હુમલો, ૨૦૦૮ માં ૨૬/૧૧નો મુંબઈમાં હુમલો કરવામાં આવ્યો હતો.

# આર્યન ખાન ડ્રગ્સ કેસ : NCB અધિકારીએ સમીર વાનખેડે સામે માનહાનિનો કેસ દાખલ કર્યો

મુંબઈ, તા.૨૧

આર્યનખાન ક્રૂઝ ડ્રગ્સ બસ્ટ કેસના સંબંધમાંનાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)ના મુંબઈ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે વિરૂદ્ધ માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. NCBના વરિષ્ઠ અધિકારી જાપાન બાબુએ વાનખેડે વિરૂધ્ધ દિલ્હીની કોર્ટમાં કેસ દાખલ કર્યો છે જેમાં આરોપ છે કે વાનખેડેના દાવાઓ કે બંને વચ્ચે ૨ જૂન, ૨૦૨૨ના રોજ વાતચીત થઈ હતી જ્યાં બાબુએ તેમને ડ્રાફ્ટ ચાર્જશીટમાં આર્યન ખાનના આરોપો વિશે માહિતી આપી હતી જે વાનખેડે દ્વારા ઉપજાવી કાઢેલા અને ખોટા છે. જાપાન બાબુ ૨૦૨૨માં NCBના નાયબ કાનૂની સલાહકાર હતા અને હાલમાં તેઓ NCBમાં વધારાના કાનૂની સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. વાનખેડેએ અગાઉ દાવો કર્યો હતો કે બાબુએ એક ટેલિફોનિક વાતચીતમાં આર્યન ખાન સામેના પ્રસ્તાવિત આરોપોની પુષ્ટિ કરી હતી પરંતુ ડ્રાફ્ટ ફરિયાદને બહારથી તૈયાર કરાયેલી એક અલગ ફરિયાદ સાથે બદલવામાં આવી હતી. તેણે બોમ્બે હાઈકોર્ટ સમક્ષ દાવો કર્યો હતો કે તેણે કોર્ડેલિયા ડ્રગ્સ ભાંડોફોળ કેસમાં ડ્રાફ્ટ ચાર્જશીટમાં આર્યન ખાનના નામનો સમાવેશ કરવા અંગે બાબુ સાથે વાતચીત કરી હતી. જોકે, બાબુએ દાવો કર્યો હતો કે આર્યન ખાન સંબંધિત કેસ અંગે તેણે વાનખેડે સાથે ક્યારેય કોઈ વાતચીત કરી ન હતી અને કહ્યું હતું કે વાનખેડે દ્વારા કરવામાં આવેલા દાવા ખોટા છે અને તેની કાલ્પનિક છે. બાબુએ ૬ ઓક્ટોબરે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. કોર્ડેલિયા કેસના સંદર્ભમાં બાબુની ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, લાંચ અને ખંડણીના આરોપોના જવાબમાં આરોપી (વાનખેડે)એ બોમ્બે હાઈકોર્ટ સમક્ષ તેને ધરપકડથી રક્ષણ આપવા માટે રિટ અરજી કરી હતી. આ અરજીમાં, આરોપીએ ખોટી રીતે એવી દલીલ કરી છે કે ફરિયાદી (બાબુ)એ તેમને જાણ કરી હતી કે ફરિયાદીએ તેમની નાયબ કાનૂની સલાહકારની ક્ષમતામાં તૈયાર કરેલી મૂળ ડ્રાફ્ટ ફરિયાદમાં આર્યન ખાન વિરૂદ્ધ આરોપો પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા અને આ સિવાય ફરિયાદીએ તેમના રિપોર્ટમાં આર્યન ખાન વિરૂદ્ધ કેટલીક કલમો સૂચવી હતી. જોકે આ ડ્રાફ્ટ ક્યારેય કોર્ટમાં સબમિટ કરવામાં આવ્યો ન હતો અને આગળ (NCB's) SITને બહારથી એક અલગ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો જે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. બાબુની અરજીમાં કહેવામાં આવ્યું છે કે આરોપી (વાનખેડે) દ્વારા આપવામાં આવેલા નિવેદનોના સમર્થનમાં કોઈ સત્ય અથવા કારણ કે પુરાવા નથી. આગળ જાપાન બાબુએ કહ્યું કે વાનખેડેના આરોપો પાયાવિહોણા છે અને તેનો ઉદ્દેશ એક પ્રામાણિક સરકારી અધિકારી તરીકેની તેમની પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો હતો. તેમણે જાળવી રાખ્યું હતું કે ચાર્જશીટ નાયબ કાનૂની સલાહકાર દ્વારા તૈયાર કરવામાં આવી ન હતી, અને વાનખેડે દ્વારા દાવો કરવામાં આવ્યો હોય તેવી કોઈ વાતચીત ક્યારેય થઈ નથી.

## રોહિત શર્મા ભારતને ત્રીજો વિશ્વકપ અપાવી શકે છે : પોન્ટિંગ




દુબઈ, તા.૨૧

ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર રિકી પોન્ટિંગનું માનવું છે કે ચોક્કસ રીતે રોહિત શર્મા ભારતને તેની ધરતી ઉપર બીજો વિશ્વકપ અપાવી શકે છે. સતત ત્રણ શાનદાર જીત સાથે ભારતે પોતાના વિશ્વ કપ અભિયાનની શાનદાર શરૂઆત કરી છે. પોન્ટિંગે કહ્યું કે તે બિલકુલ બેપરવાહ છે. તે વિચલિત થતો નથી. તેની રમતમાં પણ તે દેખાય છે. તે શાનદાર બેટ્સમેન છે અને મેદાનની અંદર તથા બહાર પણ નિશ્ચિત દેખાય છે. રોહિત ડિસેમ્બર ૨૦૨૧માં વિરાટ કોહલીની જગ્યાએ ભારતનો કપ્તાન બન્યો હતો. પોન્ટિંગનું માનવું છે કે રોહિતની કેપ્ટનશીપમાં વિરાટ પોતાની બેટિંગ ઉપર ફોકસ કરી શકે છે. તેમણે કહ્યું કે વિરાટ ઘણો લાગણીશીલ ખેલાડી છે. તે પ્રશંસકોનું સાંભળે છે અને તેમને જવાબ પણ આપે છે. તેના જેવા વ્યક્તિ માટે આ કામ થોડું કઠિન હશે. પોન્ટિંગે કહ્યું કે રોહિતને મુશ્કેલી નહીં થાય. તે શાનદાર ખેલાડી છે અને કેપ્ટનશીપ પણ ઘણી સારી રીતે કરી રહ્યો છે. ભારતે છેલ્લીવાર ૨૦૧૧માં શ્રીલંકાને ફાઈનલમાં હરાવી પોતાની ધરતી ઉપર જ વિશ્વકપ જીત્યો હતો. પોતાના દેશમાં રમવા ઉપર સારા પ્રદર્શનનું દબાણ હોય છે પણ પોન્ટિંગે કહ્યું કે રોહિત દબાણનો સામનો કરવામાં સક્ષમ છે. તેમણે કહ્યું કે એવું ના કહી શકાય કે ભારત ઉપર અપેક્ષાઓનું દબાણ નહીં હોય જરૂર હશે પણ રોહિત તેનો સામનો કરી શકે છે. ભારત પાસે ઘણી પ્રતિભાશાળી ટીમ છે. તેની ઝડપી બોલિંગ, સ્પિન, ટોચનો ક્રમ, મધ્યમક્રમ બધું જ ઉમદા છે. તેને હરાવવું ઘણું કઠિન હશે.

# ૪૭૦ ગેરકાયદેસર બાંધકામોથી તાજમહેલની સુંદરતા પ્રભાવિત થઈ; તેના માટે જવાબદાર કોણ ?

લખનૌ, તા.૨૧

વિશ્વની નવી સાત અજાયબીઓ પૈકી એક તાજમહેલ કુલ ૪૭૦ ગેરકાયદેસર બાંધકામોથી ઘેરાયેલો છે જેમાં ઘણા કાફે, રેસ્ટોરન્ટ એમ્પોરિયમનો સમાવેશ થાય છે. આગ્રામાં તાજમહેલની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં ગેરકાયદેસર બાંધકામો કરવામાં આવેલા છે જે પ્રતિબંધિત વિસ્તાર છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ મુજબ કેટલાક અતિક્રમણો દાયકાઓ જૂના છે અને મોટાભાગના કેસોમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે પરંતુ સ્થાનિક સત્તાવાળાઓએ અતિક્રમણ સામે કોઈ પગલાં લીધા નથી. અધિક્ષક પુરાતત્વવિદ રાજકુમાર પટેલના જણાવ્યા મુજબ ASIના અધિકાર ક્ષેત્રની હદ એ છે કે સંરક્ષિત સ્મારકોની આસપાસ અનધિકૃત બાંધકામના કેસમાં FIR નોંધવા પૂરતી સીમિત છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ ASI મહાનિર્દેશકની ઓફિસ પાસે જ ડિમોલિશન નોટિસ ઈશ્યૂ કરવાનો અધિકાર છે પરંતુ આખરે આગ્રા ડેવલપમેન્ટ ઓથોરિટી અને સ્થાનિક વહીવટીતંત્ર તેમના ઉપર કાર્યવાહી કરશે. ASIના અહેવાલ મુજબ સંરક્ષિત સ્મારકના ૧૦૦થી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં ૨૪૮ નવા ગેરકાયદે બાંધકામો વર્ષ ૨૦૧૫-૨૨ દરમ્યાન બાંધવામાં આવ્યા હતા. કેટલાક ગેરકાયદેસર અતિક્રમણો તાજમહેલ સાઈટની ૫૦ મીટરની ત્રિજ્યામાં છે. નિયમો અનુસાર સ્મારકની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાની અંદર બાંધકામ કરવા ઉપર પ્રતિબંધ છે જ્યારે ૨૦૦ મીટરની અંદરનો વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો (AMASR) અધિનિયમ હેઠળ નિયંત્રિત છે જેમાં બાંધકામ સંબંધિત પરવાનગીના સંદર્ભમાં કડક નિયમો છે. તાજમહેલના સંરક્ષણ સંબંધિત યોજનાઓ ઉપર દેખરેખ રાખવા માટે તાજ ટ્રેપેઝિયમ ઝોન (TTZ) ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી હતી.

# જાપાનની શાર્પ, નિકોન, મિત્સૂઈ તથા સુઝુકી વગેરે ગુજરાતમાં મૂડી રોકાણ માટે ઉત્સુક

ગાંધીનગર, તા.૨૧

તા.૧૬મી ઓક્ટોબરના રોજ જાપાનના ટોક્યોમાં ભારતીય દૂતાવાસ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રોડ-શો યોજાયો હતો. આ કાર્યક્રમ ભારત અને જાપાનના સંબંધોને મજબૂત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન હતો. સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ, રિન્યુએબલ એનર્જી વગેરે જેવા વિવિધ ક્ષેત્રોના ૧૨૦ હાઈ-પ્રોફાઈલ પ્રતિનિધિઓની સહભાગિતા સાથે, આ કાર્યક્રમે ગુજરાત અને જાપાન વચ્ચેના સહયોગની અપાર સંભાવનાઓ દર્શાવી હતી. જાપાનમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રોડ-શો બંને દેશો વચ્ચે વાતચીત માટેનું એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ બન્યો. આ કાર્યક્રમમાં જાપાનમાં ભારતના રાજદૂત સિબી જ્યોર્જે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે ગુજરાતની વિકાસ ગાથામાં જાપાનની ભૂમિકાને વર્ણવી હતી અને દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના સચિવ વિજય નેહરાએ ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થયેલા નોંધપાત્ર વિકાસ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું, નેહરાએ ગુજરાતમાં રોકાણની વિશાળ તકોને હાઈલાઈટ કરી હતી, જે બિઝનેસ માટે રાજ્યની વાઈબ્રન્ટ ઈકોસિસ્ટમ દર્શાવે છે. પ્રેઝન્ટેશનમાં ગુજરાતમાં રહેલી તકો અને ઝડપથી ઉભરતા બે આર્થિક હબ-ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT સિટી) અને ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સફળતાનો શ્રેય ગુજરાત સરકાર, જાપાનમાં ભારતીય દૂતાવાસ અને જેટ્રો (JETRO)ના સહિયારા પ્રયાસોને જાય છે. ૨૦૦૯માં જાપાન વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માટે પ્રથમ પાર્ટનર કન્ટ્રી બન્યું અને ત્યારથી માંડીને આજ સુધી જાપાન વાઈબ્રન્ટ સમિટ માટે ગુજરાતનું પાર્ટનર કન્ટ્રી છે. જેટ્રો પણ ૨૦૦૯માં પાર્ટનર ઓર્ગેનાઈઝેશન (ભાગીદાર સંસ્થા) તરીકે જોડાઈ હતી અને ત્યારથી જ તે જાપાનના મેન્યુફેક્ચરર્સને ગુજરાતમાં વ્યવસાયની તકો શોધવા અને રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. આ રોડ શો બાદ ૧૬ સંભવિત રોકાણકારો સાથે વન-ટુ-વન મીટિંગ કરવામાં આવી હતી, જેમણે ગુજરાતમાં તેમની કામગીરી વિસ્તારવામાં ઊંડો રસ દર્શાવ્યો હતો. આ મીટિંગોએ શાર્પ, નિકોન, મારૂબેની, મિત્સૂઈ, ડાઈ ચી લાઈફ હોલ્ડિંગ્સ અને સુઝુકી જેવી જાણીતી સંસ્થાઓના વરિષ્ઠ મેનેજમેન્ટ પ્રતિનિધિઓને ગુજરાત સરકાર સાથે સંભવિત સહયોગ અને રોકાણો વિશે રચનાત્મક ચર્ચાઓ કરવા માટે એક અનન્ય તક પૂરી પાડી હતી. વધુમાં આગામી વાઈબ્રન્ટ સમિટના આયોજનમાં સંભવિત પાર્ટનરશીપ માટે અર્થતંત્ર, વેપાર અને ઉદ્યોગ મંત્રાલય (METI) અને સેમિકન્ડક્ટર ઈક્વિપમેન્ટ એન્ડ મટિરિયલ્સ ઈન્ટરનેશનલ (SEMI) સંસ્થા સાથે ચર્ચા કરી હતી.

## ભારતે સાત દેશોને ૧૦ લાખ ટનથી વધુ બિન બાસમતી સફેદ ચોખાની નિકાસની પરવાનગી આપી

નવી દિલ્હી તા.૨૧

સરકારે જણાવ્યું કે તેણે નેપાળ, કેમરૂન અને મલેશિયા સહિત સાત દેશોને ૧૦,૩૪,૮૦૦ ટન બિન બાસમતી સફેદ ચોખાની નિકાસની પરવાનગી આપી છે. વિદેશ વેપાર મહાનિર્દેશકે એક વટહુકમમાં જણાવ્યું કે રાષ્ટ્રીય સહકારી નિકાસ લિમિટેડના માધ્યમથી નિકાસની પરવાનગી છે. જો કે ઘરેલુ સપ્લાયને પ્રોત્સાહન આપવા માટે ૨૦ જુલાઈએ બિન બાસમતી સફેદ ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. પરંતુ કેટલાક દેશોને તેમની ખાદ્ય સુરક્ષા જરૂરતોને પૂરી કરવા માટે અને આગ્રહ ઉપર સરકાર દ્વારા આપવામાં આવેલી પરવાનગીના આધારે નિકાસની પરવાનગી આપવામાં આવી છે. તેમા જણાવવામાં આવ્યું છે કે નેપાળ, કેમરૂન, કોર્ટ ડી આઈવોર, ગીની, મલેશિયા, ફિલીપાઈન્સ અને સેશેલ્સને બિન બાસમતી સફેદ ચોખાની નિકાસનો વટહુકમ આપવામાં આવ્યો છે. નેપાળ માટે પ્રમાણ ૯૫,૦૦૦ ટન, કેમરૂન, ૧,૯૦,૦૦૦ ટન, કોર્ટ ડી આઈવોર ૧,૪૨,૦૦૦, ગીની ૧,૯૦,૦૦૦ ટન, મલેશિયા ૧,૭૦,૦૦૦ ટન, ફિલીપાઈન્સ ૨,૯૫,૦૦૦ ટન અને સેશેલ્સ ૮૦૦ ટન.

# મોરબી હોનારત કેસમાં મુખ્ય આરોપી જયસુખ પટેલ દ્વારા હંગામી જામીન અરજી કરીને તેની તાત્કાલિક સુનાવણી કરવાની માંગ હાઈકોર્ટે ફગાવી દીધી

અમદાવાદ,તા.૨૧

૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ મોરબીનો મચ્છુ નદી ઉપર આવેલો ઝૂલતો બ્રિજ તૂટી પડવાની ઘટના કે, જેમાં કુલ ૧૩૫ લોકોના મોત થયા હતા તે કેસમાં મુખ્ય આરોપી અને ઓરેવા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર જયસુખ પટેલ દ્વારા હંગામી જામીન અરજી કરીને તેની તાત્કાલિક સુનાવણી કરવા માટેની માંગ ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટીસ દિવ્યેશ જોશીની ખંડપીઠે ફગાવી દીધી હતી. અદાલત દ્વારા મત વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, આ અરજીની સુનાવણી પટેલ દ્વારા કરવામાં આવેલી નિયમિત જામીન અરજીની સાથે આગામી તા.૨૭ ઓક્ટોબરના રોજ કરવામાં આવશે. મોરબી હોનારતમાં માર્યા ગયેલા લોકોમાં ૨૧ બાળકોનો સમાવેશ થતો હતો. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો પિટિશન દાખલ કરી હતી. આ કેસમાં કુલ ૧૦ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય આરોપી ઓરેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર જયસુખ પટેલ છે. આરોપીઓ પૈકી ત્રણ સિક્યુરિટી ગાર્ડ અને બે ટિકિટ ચેકરને હાઈકોર્ટમાંથી જામીન પણ મળી ચુક્યા છે. પટેલે હાઈકોર્ટમાં હંગામી જામીન અરજી કરી હતી મોરબી બ્રિજ કેસ તપાસનો SITનો ફાઈનલ રિપોર્ટ પણ હાઈકોર્ટ સમક્ષ રજૂ થઈ ચૂક્યો છે. જેની ઉપર દિવાળી બાદ વધુ કાર્યવાહી હાથ ધરાશે. ત્યારે મુખ્ય આરોપી જયસુખ પટેલ અને ઓરેવાના મેનેજર દિનેશ દવેની જામીન અરજી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. હાઈકોર્ટમાં જયસુખ પટેલની જામીન અરજી પાછળના ક્રમાંકે લિસ્ટ થતી હોવાથી તેમજ પીડિત પક્ષ દ્વારા વકીલાત પત્ર દાખલ કરવાની માગ તેમજ SITના ફાઈનલ રિપોર્ટ વગેરેને લઈને સુનાવણી શક્ય બનતી નહોતી. અરજદારની રેગ્યુલર જામીન અરજી પેન્ડિંગ છે. અરજદારે જાતે પોલીસ સામે સમર્પણ કર્યું હતું. તેમજ મોરબી સેશન્સ કોર્ટમાંથી અગાઉ આગોતરા જામીન અરજી પણ પરત ખેંચી હતી. આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ પણ દાખલ થઈ ચૂકી છે. આરોપીની ઉંમર વધુ છે, તેમજ તેમની સામે અગાઉ કોઈ ગુન્હા નોંધાયા નથી. અરજદારની રેગ્યુલર જામીન અરજી હાઈકોર્ટમાં લિસ્ટ થાય છે. પરંતુ ત્યાં સુધી સુનાવણી પહોંચતી નથી. કોર્ટે કહ્યું હતું કે, ૨૭ ઓક્ટોબરે અરજદારની રેગ્યુલર જામીન અરજી ઉપર સુનાવણી છે. કોર્ટ દરરોજ સો કેસ સુધી તો પહોંચે જ છે. એટલે ૨૭ ઓક્ટોબરે રેગ્યુલર જામીન ઉપર જ સુનાવણી કરવી જોઈએ. સાથે જ પીડિત પક્ષ વતી ઉપસ્થિત થયેલા એડવોકેટને સુનાવણી પહેલા તમામ ડોક્યુમેન્ટ્સ કોર્ટમાં જમા કરાવવા જણાવ્યું હતું. હવે જયસુખ પટેલની રેગ્યુલર જામીન અરજી ઉપર ૨૭ ઓક્ટોબરે સુનાવણી હાથ ધરાશે.

# કેશોદની વીરડી સીમ વિસ્તારમાં જુગાર રમતા ૮ શખ્સોને રૂા.૧.૨૨ લાખની રોકડ સાથે ઝડપી લેતી એલસીબી પોલીસ




જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલતી ગે.કા. પ્રોહીબીશન/ જુગારની બદી નેસ્તનાબુદ કરવા કડક હાથે કામ લેવાની સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.જે.પટેલ તથા પો.સ.ઈ. જે.જે.ગઢવી તથા પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા ક્રાઈમ બ્રાન્ચની ટીમ સતત વોચ તપાસમાં રહી પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા પ્રયત્નશીલ હોય, દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના પો.સબ ઈન્સ. જે.જે.ગઢવી તથા એ.એસ.આઈ. પુંજાભાઈ ભારાઈ, પો.હેડ.કોન્સ. પ્રકાશભાઈ ડાભી, મહેન્દ્રભાઈ ડેરને સંયુકતમાં અગાઉથી ચોકકસ ખાનગી રાહે બાતમી મળેલ કે, "કેશોદ ટી.બી. હોસ્પીટલ સામે મામાદેવ મંદિર પાછળ વીરડી સીમ તરીકે ઓળખાતી મનુભાઈ કરમશીભાઈ કોટડીયા પોતાની વાડીમાં આવેલ મકાને બહારથી માણસો બોલાવી પૈસા, પાના વડે હારજીત કરી તીનપતી નામનો જુગાર રમી રમાડી પોતાના આર્થીક ફાયદા સારૂ નાલના પૈસા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે." જે બાતમીના આધારે દરોડો પાડતા મનુભાઈ કરમશીભાઈ કોટડીયા, રહે. અજાબ, સુમીત રાજુભાઈ સોલંકી રહે.કેશોદ, ઉસ્માન ગનીભાઈ જેઠવા રહે. કેશોદ, પ્રફુલ ઉર્ફે લાલો બાબુભાઈ ભંડેરી, રહે. કેશોદ, અજયભાઈ કરશનભાઈ ભરડવા રહે. કેશોદ, ખાનચંદ ભોજુમલ ચંદ્રાણી, રહે. કેશોદ, મિતેશ અમૃતલાલ કવા, લુહાર- રહે.કેશોદ તથા વિપુલ કેશવભાઈ બોરડ રહે. કેશોદ વાળા જુગાર રમતા મળી આવતા રોકડ રૂા.૧,૨૨,૮૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૭ કિંમત રૂા.૬૦,૫૦૦/ - તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂા.૧,૮૩,૩૦/- ના મુદામાલ સાથે મળી આવતાં તમામ ઈસમો વિરૂધ્ધ કેશોદ પો.સ્ટે. ખાતે જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી, એએસઆઈ પુંજાભાઈ ભારાઈ, નિકુલભાઈ પટેલ, પો.હે.કો. પ્રકાશભાઈ ડાભી, મહેન્દ્રભાઈ ડેર, જીતેષ મારૂ વગેરે જોડાયા હતા.

### જૂનાગઢમાં કોળી સમાજ દ્વારા આયોજીત

# નવરાત્રી મહોત્સવમાં જૂનાગઢ એસ.પી. હર્ષદ મહેતા અને એસઓજી પીઆઈ ગોહીલ ઉપસ્થિત રહયા




જૂનાગઢ તા. ૨૧

આલ્ફા સ્કુલના સંચાલક અને કોળી સમાજના આગેવાન જી.પી. કાઠીની યાદી જણાવે છે કે, છેલ્લા ઘણાં વર્ષોથી જૂનાગઢ જીલ્લા કોળી સમાજ દ્વારા નવરાત્રી નિમીત્તે એકજ દિવસ શરદ પૂનમને દિવસે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવતું હતું. પરંતુ ચાલુ વર્ષે તા.૧૫-૧૦-૨૩ થી ૨૪-૧૦-૨૩ સુધી દશ દિવસ માટે નવરાત્રી રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૯ ને ગુરૂવારે કોળી સમાજના આયોજકોના આમંત્રણને માન આપીને જૂનાગઢના એસ.પી. હર્ષદ મહેતા અને એસઓજીના પીઆઈ શ્રી ગોહીલ કોળી સમાજના નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહયા હતા. આ તકે કોળી સમાજના આગેવાન અને આલ્ફા સ્કુલના સંચાલક જી.પી. કાઠીએ એસ.પી. મહેતાનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

કોળી સમાજ મધુરમ ટીંબાવાડી ગૃપ આયોજીત નવરાત્રી મહોત્સવનું સંચાલન કોળી સમાજના આગેવાન ને ભારતીય જનતા પાર્ટી શહેરના ઉપપ્રમુખ ભરતભાઈ બાલસ કરી રહયા છે.

# વેરાવળમાં પંજાબના મુસાફર રીક્ષામાં ભુલી ગયેલ સામાન રીક્ષા ચાલકે પોલીસની મદદથી પરત આપ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૧

વેરાવળ શહેરમાં આવેલ પંજાબનો મુસાફર પોતાનો કિંમતી સામાન ભરેલો થેલો રીક્ષામાં જ ભુલી ગયો હતો. જેના પર રીક્ષા ચાલકનું ધ્યાન જતા તેણે તુરંત પોલીસને સામાન સુપ્રત કરેલ હતો. જેથી પોલીસે મુસાફરનો પતો લગાવી થેલો પરત કર્યો હતો. આમ રીક્ષા ચાલકની પ્રામાણિકતાથી મુસાફરને કિંમતી સામાન ગણતરીની કલાકોમાં જ પરત મળી ગયો હતો.

આ અંગે માહિતી આપતા પીઆઈ એસ.એમ. ઈશરાણીએ જણાવેલ કે, વેરાવળના રીક્ષા ચાલક સૈયદ સોકતઅલીની રીક્ષામાં અન્ય રાજયમાંથી આવેલ મુસાફરે રેલ્વે સ્ટેશનથી સોમનાથ મંદિરે દર્શન કરવા માટે મુસાફરી કરી હતી. ત્યારે સોમનાથ ઉતરતી વખતે મુસાફર પોતાનો કિંમતી સમાન ભરેલ થેલો રીક્ષામાં ભૂલી જઈ નીકળી ગયો હતો. ત્યારબાદ રીક્ષા ચાલક પણ આગળ નીકળી ગયા બાદ તેના ધ્યાને મુસાફરનો થેલો આવેલ જેથી તેણે મુસાફરની શોધખોળ કરેલ પરંતુ પતો ન લાગેલ હતો. જેથી રીક્ષા ચાલક સોકતઅલીએ થેલો વેરાવળ પોલીસ સ્ટેશને જઈ અધિકારીને સુપ્રત કરી વિગત જણાવી હતી. જે વિગતોના આધારે સ્ટાફના વિપુલ રાઠોડ, અશોક મોરી સહીતનાએ મુસાફરને શોધવા તપાસ હાથ ધરી હતી. જેમાં પંજાબના પઠાણકોટના રાજેન્દ્રકુમાર નામના મુસાફરનો સોમનાથમાંથી પતો લગાવી સંપર્ક કરી થેલા અંગે વેરીફાઈ કર્યુ હતું. બાદમાં પોલીસ સ્ટેશને બોલાવી રીક્ષા ચાલકની હાજરીમાં પંજાબી મુસાફરને તેનો કિંમતી સામાન પરત કરેલ હતો. ત્યારે મુસાફર અને પોલીસ અધિકારીએ રીક્ષા ચાલકની પ્રામાણિકતાને આવકારી હતી.



# ગણાત્રા પરિવારના કુળવદેવતા શ્રી માલબાપાનો માણેકવાળા મુકામે તા.૨૭મીએ હવન યોજાશે

જૂનાગઢ તા. ૨૧

શ્રી ગણાત્રા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત માણેકવાડા મુકામે સંવત ૨૦૭૯ આસો સુદ ૧૩, તેરસ તા.૨૭-૧૦-૨૩ ને શુક્રવારે સળંગ હવનનું આયોજન હવનના આચાર્ય આનંદભાઈ પેરાણી દ્વારા માણેકવાડા માલબાપાના સ્થાનક ખાતે સવારે ૮ વાગ્યાથી કરવામાં આવેલ છે. આ દરમ્યાન માલબાપાના મંદિરે ધ્વજાનો કાર્યક્રમ, બાપાના નૈવેદ્ય કરાવવાનો કાર્યક્રમ, બપોરે બટુક ભોજન તથા ફરાળનો કાર્યક્રમ રાખેલ છે. અને બપોરે ૨ કલાકે હવનનું બીડું હોમાશે. ત્યારબાદ સ્નેહમિલન, દાતાઓનું સન્માન, મહાપ્રસાદ રાખવામાં આવેલ છે. આ સંગીતમય હવનમાં આચાર્ય આનંદભાઈના આશીર્વાદ લેવા ગણાત્રા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ ... ગણાત્રા પરીવારને અંતરથી આવકારે છે.

# વેરાવળ સીટીના નવનિયુક્ત પીઆઈને મુસ્લીમ સમાજના આગેવાનોએ આવકાર્યા



(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૨૧

પ્રભાસ પાટણના પી.આઈ. મકવાણાની વેરાવળ સિટી પી.આઈ. તરીકે નિમણુંક થઈ છે. ત્યારે તેઓએ ચાર્જ સાંભળતા જ મુસ્લિમ સમાજના આગેવાનો હાજી ફારૂકભાઈ મૌલાના, જીલ્લા ભાજપ લઘુમતી મોરચા પ્રમુખ મહંમદભાઈ તવાણી, હાજી એલ. કે. એલ., શહેર ભાજપ લધુમતી પ્રમુખ ઈમરાન પંજા, જીલ્લા ઉપપ્રમુખ ઈકબાલ સુમરા સહીતનાએ રૂબરૂ મુલાકાત લઈ આવકારી હારતોરા કરેલ હતા.

# ગરબો પધરાવવા માટેના શુભ દિવસની યાદી

દર વર્ષે દશેરાના દિવસે ગરબો પધરાવવાનો હોય છે પરંતુ આ વર્ષે દશેરા મંગળવારે આવતા હોવાથી ગુજરાતમાં રિવાજ પ્રમાણે મંગળવારે માતાજીને વિદાય અપાતી નથી. આથી ગરબો પધરાવવા માટેનો શુભ દિવસ આસો સુદ અગીયારસ ને બુધવાર અથવા તો ગુરૂવારે બારસના દિવસે ગરબો પધરાવી શકાશે. ગરબો પધરાવવા માટે બંને દિવસ સારા છે. મંદિરે અથવા તો નદીના વહેતા પાણીમાં ગબો પધરાવી શકાય છે.

આ વાત ખાસ યાદ રાખવી કે મંગળવારે દશેરાના દિવસે સાંજે પણ ગરબામાં દિવો ખાસ કરવો. ગરબો પધરાવવામાં પંચક દોષ નડતો નથી. ખોટ અફવા ફેલાવવી નહીં અને ખોટા વહેમમાં પડવું નહીં. શ્રધ્ધા રાખવી, વિશ્વાસથી કામ કરવું.

– શાસ્ત્રી રાજદીપ જોષી–વેદાંતરત્ન

# જૂનાગઢના ધ રોયલ કલબ થનગનાટ દાંડીયાના આયોજકોને ગુજરાતી સંસ્કૃતિ પુરસ્કાર-૨૦૨૩ થી સન્માનિત કરાયા







જૂનાગઢ તા. ૨૧

વિશ્વ ગુજરાતી સમાજ યુથ વીંગ દ્વારા ગુજરાતી સંસ્કૃતિ પુરસ્કાર -૨૦૨૩ જૂનાગઢના ધ રોયલ કલબ દ્વારા આયોજીત રાસોત્સવ થનગનાટ દાંડીયાને આપવામાં આવેલ છે. અને જેને લઈને આયોજકો પર અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં નવરાત્રી મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે જૂનાગઢ ખાતે ધ રોયલ કલબ દ્વારા થનગનાટ દાંડીયાનું આયોજન કરવામાં આવેલ છે. વિશ્વભરમાં વસ્તા ગુજરાતીઓની આગવી ઓળખ રૂપી ગરબાએ ગુજરાત અને ગુજરાતીઓની સંસ્કૃતિ તેમજ કલ્ચરને પ્રદર્શિત કરે છે. ગુજરાતી સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવાના ઉદેશ્યથી વિશ્વભરમાં ગરબા આયોજકોને ગુજરાતી સંસ્કૃતિ પુરસ્કારથી વિશ્વ ગુજરાતી સમાજ સન્માનિત કરે છે. ત્યારે જૂનાગઢ ખાતે સંસ્કૃતિની જાળવણી અને સુંદર થીમ અંતર્ગત 'ધ રોયલ કલબ થનગનાટ દાંડીયા'એ ભારતીય સંસ્કૃતિની પરંપરાને દિપાવી છે ત્યારે આયોજકોને ગુજરાતી સંસ્કૃતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. વિશ્વ ગુજરાતી સમાજ યુથ વીગ દ્વારા ધ રોયલ કલબ થનગનાટ દાંડીયાના આયોજકો સર્વશ્રી બ્રિજેશભાઈ પટેલીયા અને તેમની ટીમને આ ગૌરવવંતો પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. સંસ્થાના પ્રમુખ સી.કે. પટેલ, યુથ વીંગ કન્વીનર પૌરસ પટેલ દ્વારા આ એવોર્ડ અર્પણ કરવામાં આવેલ છે.

# સુત્રાપાડામાં ડો.બારડ શૈક્ષણિક સંકુલ ખાતે તાલુકા કક્ષાની ગણિત વિજ્ઞાન પ્રદર્શનનો પુર્વ મંત્રીએ પ્રારંભ કરાવ્યો

**તાલુકાની જુદી જુદી શાળાના બાળકો દ્વારા ૧૯ કૃતિઓ તૈયાર કરવામાં આવેલ જે પ્રદર્શનમાં મુકાઈ**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૧


ગીર સોમનાથ જિલ્લા શિક્ષણાધિકારી અને તાલીમ ભવનના માર્ગદર્શન હેઠળ સુત્રાપાડાના ડો.ભરત બારડ શૈક્ષણિક સંકૂલમાં તાલુકા કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન - ૨૦૨૩ નો પુર્વ મંત્રી જશાભાઈ બારડના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનમાં સુત્રાપાડા તાલુકાની સુત્રાપાડા, ધામળેજ, વડોદરા ઝાલા , પ્રશ્નાવડા, પ્રાંસલી, ગોરખમઢીની મોડલ શાળા સહિત જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓએ ૧૯ જેટલી શ્રેષ્ઠ કૃતિઓ બનાવી હોય તેને મુકવામાં આવી છે. જેમાંથી શ્રેષ્ઠ કૃતિ આગામી દિવસોમાં જિલ્લા કક્ષાએ રજુ થશે.

આ તકે પ્રદર્શનને ખુલ્લો મુકતા પૂર્વ મંત્રી જશાભાઈ બારડએ જણાવેલ કે, વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ કેળવાય એ હેતુથી બાળ વૈજ્ઞાનિકો તૈયાર થાય છે. આજના યુગમાં વધતી જતી પર્યાવરણ સમસ્યાઓનું નિવારણ થાય અને લોકો જાગૃત થાય તે અંગે બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવે છે. દરેક શાળાના બાળ વૈજ્ઞાનિકો પોતાની કૃતિ રજૂ કરે છે અને ઉતરોત્તર પ્રગતિ મેળવી તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષાએ અને ત્યાંથી રાજ્ય કક્ષાએ પહોંચે તેવી તમામ બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપતી અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ રમેશભાઈ વડાંગર, ભાજપના મહામંત્રી દિલિપભાઈ બારડ, ઉપપ્રમુખ નરેશભાઈ કામળીયા, આચાર્ય જોશી, ગોરખમઢીના દેવેન્દ્રભાઈ સોલંકી , માધ્યમિક સંઘના પ્રમુખ હરેશભાઈ મોરી, કોલેજના આચાર્ય પાઠક સહિત જુદી જુદી શાળામાંથી આવેલા વિજ્ઞાનના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાગવડ બાદ પાટણના સંડેરમાં શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ થશે, આવતીકાલે ભૂમિપૂજન સમારોહ યોજાશે

**નરેશભાઈ પટેલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રીમતિ આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આઠમા નોરતે થશે ભૂમિપૂજન ૨ હજાર સ્વયંસેવકો ખડેપગે રહેશે, બાલીસણાથી સંડેર સુધી પગપાળા યાત્રા અને રક્તદાન કેમ્પ પણ યોજાશે**





રાજકોટ, તા.૨૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના કાગવડ ગામ પાસે શ્રી ખોડલધામ મંદિર પરિસરના નિર્માણ બાદ સમગ્ર ગુજરાતમાં અલગ અલગ ઝોનમાં શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કરવાનો સંકલ્પ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લાના સંડેર ગામે અંદાજે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કરવામાં આવનાર છે. આ શ્રી ખોડલધામ સંકુલ સંડેરનો ભૂમિપૂજન સમારોહ આગામી તારીખ ૨૨ ઓક્ટોબર ને રવિવારે આઠમા નોરતાના પાવન દિવસે યોજાશે. જેમાં નરેશભાઈ પટેલ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ઉત્તરપ્રદેશના મહામહિમ રાજ્યપાલ શ્રીમતિ આનંદીબેન પટેલ સહિતના રાજકીય, સામાજિક આગેવાનો, જાણીતા ઉદ્યોગપતિઓ, અને લેઉવા પાટીદાર સમાજના લોકોની ઉપસ્થિતિ રહેવાની છે.

આવતીકાલ તા.૨૨ ઓક્ટોબરને રવિવારના રોજ સવારે ૭ થી ૯ વાગ્યા દરમ્યાન ભક્તિસભર લોકડાયરો યોજાશે. ત્યારબાદ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ સહિતના રાજકીય-સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં શ્રી ખોડલધામ સંકુલ સંડેરનું ભૂમિપૂજન કરવામાં આવશે.સંડેર મુકામે નવનિર્માણ પામનાર શ્રી ખોડલધામ સંકુલમાં મંદિર ઉપરાંત શૈક્ષણિક, આરોગ્ય, કૃષિલક્ષી ભવનો ઉભા કરવામાં આવશે. જેનો લાભ સર્વે સમાજના જરૂરિયાતમંદ લોકોને પહોંચાડવાની શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની નેમ છે.

ભૂમિપૂજન સમારોહને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે મોટી સંખ્યામાં લોકો ૨૨ ઓક્ટોબરે સંડેર મુકામે ઉમટી પડશે. જેથી માતાજીના રથ અને ગરબીઓ સાથે બાલીસણાથી સંડેર સુધી વાજતે-ગાજતે પદયાત્રા કરીને લોકો સમારોહ સ્થળ ખાતે પહોંચશે. આ ઉપરાંત શ્રી ખોડલધામ સંકુલ સંડેરના ભૂમિપૂજન સમારોહ દરમિયાન મેગા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા મોટી સંખ્યામાં લોકોને આ બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરીને એકતાની શક્તિ અને ભક્તિના સમન્વય સાથે આ સેવાના મહાયજ્ઞમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં સૈયદ નાગાણીશાહ બાપુના ઉર્ષની ઉજવણી કરાશે

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢમાં ગાંધીચોક સન્માન પ્લાઝા પાસે આવેલ સૈયદ નાગાણીશાહ બાપુની દરગાહ ખાતે ઉર્ષની ઉજવણી આગામી તા.૨૪ તથા ૨૫ ઓકટોબરના રોજ મંગળવાર અને બુધવાર એમ બે દિવસ કરવામાં આવનાર છે. આ પ્રસંગે તા.૨૫ ને બુધવારે મગરીબની નમાઝ બાદ આમ ન્યાઝ રાખેલ છે. ત્યારબાદ રાત્રે ૧૦ કલાકે મિલાદ શરીફ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે તમામ મુસ્લીમ બિરાદરોને હાજરી આપવા આયોજક અલીભાઈ કાસમભાઈ ઠેબાની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

